*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો




ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

# આત્મધર્મ

## “વચનામૃત”

* જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી, તેમ જ્ઞાયકસ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. તું તેને ઓળખી તેમાં લીન થા તો તારા સર્વ ગુણરત્નોની ચમક પ્રગટ થશે.

* દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.




તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૩, ભાદરવો ( લવાજમ છ રૂપિયા ) વર્ષ ૩૪ : અંક ૧૨ [ ૪૦૮ ]

# ❀ બહેનશ્રીનાં વચનામૃત ❀

* પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્તત્ત્વ સાંભળવા મળે છે એના જેવું બીજું ક્યું સદ્‌ભાગ્ય હોય? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય-એવી અદ્‌ભુત વાણી છે. આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃત ઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.

* પ્રયોજન તો એક આત્માનું જ રાખવું. આત્માનો રસ લાગે ત્યાં વિભાવનો રસ નીતરી જાય છે.

* બધું આત્મામાં છે, બહાર કાંઈ નથી. તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર. પૂર્ણતા પ્રગટતાં લોકાલોક તેમાં જ્ઞેયરૂપે જણાશે. જગત જગતમાં રહે છતાં કેવળજ્ઞાનમાં બધું જણાય છે. જાણનાર તત્ત્વ પૂર્ણપણે પરિણમતાં તેની જાણ બહાર કાંઈ રહેતું નથી અને સાથે સાથે આનંદાદિ અનેક નવીનતાઓ પ્રગટે છે.

* ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી. મુનિને અંદરમાં ચૈતન્યના અનંત ગુણ-પર્યાયનો પરિગ્રહ હોય છે; વિભાવ ઘણો છૂટી ગયો હોય છે. બહારમાં, શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂતપણે દેહમાત્ર પરિગ્રહ હોય છે. પ્રતિબંધરહિત સહજ દશા હોય છે; શિષ્યોને બોધ દેવાનો કે એવો કોઇ પણ પ્રતિબંધ હોતો નથી. સ્વરૂપમાં લીનતા વૃદ્ધિગત હોય છે.

[ અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર જુઓ ]

વાર્ષિક લવાજમ છ રૂપિયા
વર્ષ ૩૪
અંક ૧૨

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર સં. ૨૫૦૩
: ભાદરવો :
A.D. 1977
OCTO.

# અમૃતનાં ઘૂંટડા પીતાં પીતાં આચાર્યદેવે કરેલું શક્તિઓનું વર્ણન

'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં આત્મા શરીરરૂપ નથી, વાણીરૂપ નથી, પુણ્ય–પાપરૂપ નથી ને એક સમયની પર્યાયમાત્ર પણ નથી. 'આત્મા જ્ઞાનમાત્ર છે' તેમ કહેતાં જ્ઞાન, દર્શન, અકાર્યકારણ, ભાવ આદિ અનંત શક્તિમય આત્મા છે. પ્રભુ! તારા ઘરની શી વાત! તારામાં અનંતી શક્તિઓ ભરી પડી છે ને એક–એક શક્તિ અનંત સામર્થ્યવાન છે. એક–એક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે, એક–એક શક્તિમાં બીજી અનંત શક્તિનું રૂપ છે, એક–એક શક્તિ બીજી અનંત શક્તિમાં નિમિત્ત છે. એવી એક–એક શક્તિમાં અનંતી પર્યાય છે, તે પર્યાય ક્રમે ક્રમે થતી હોવાથી તે ક્રમવર્તી છે તથા અનંતી શક્તિઓ એક સાથે રહેતી હોવાથી તે અક્રમવર્તી છે. એ અક્રમવર્તી ને ક્રમવર્તી ગુણ–પર્યાયનો પિંડ તે આત્મદ્રવ્ય છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ પણ શુદ્ધ છે તેથી તેની દૃષ્ટિ કરતાં પરિણમન પણ શુદ્ધ જ હોય, માટે ક્રમવર્તી પર્યાય કહેતાં નિર્મળ પર્યાયની જ અહીં વાત છે. અક્રમવર્તી અને

ક્રમવર્તી ગુણ–પર્યાયના સમૂહરૂપ આત્મદ્રવ્યની દ્રષ્ટિ કરતાં વર્તમાન પરિણતિમાં જ્ઞાન, આનંદ આદિ પર્યાયની સાથે અકાર્યકારણ આદિ અનંતી શક્તિઓ પર્યાયમાં ઊછળે છે. અનંત શક્તિને ધારણ કરનાર ભગવાન આત્માની દ્રષ્ટિ કરતાં વર્તમાન પર્યાયમાં એકીસાથે અનંત શક્તિઓનો ધોધ ઊછળે છે અને તેનું નામ જ સમ્યગ્દર્શન છે.

[ શ્રી સમયસાર–પરિશિષ્ટની ૪૭ શક્તિ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૧–૮–૭૭ ]

આ આત્મા વસ્તુ છે, પદાર્થ છે, તે શક્તિવાન છે. તેમાં અનંત શક્તિઓ છે. ભગવાન આત્મા સ્વભાવવાન છે ને એની શક્તિ અનંત છે. અનંત શક્તિવાન એવા આત્મદ્રવ્યમાં દ્રષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે, તો એ આત્મદ્રવ્ય કેવું છે?–કે આત્મદ્રવ્યમાં જીવત્ત્વ આદિ અનંતશક્તિ છે. વસ્તુ એક છે પણ શક્તિ અનંત છે. શક્તિનો અર્થ શું?–કે આત્મપદાર્થનો ગુણ તે શક્તિ છે, જેમ સાકર પદાર્થ છે અને મીઠાશ તેનો ગુણ છે તે સાકરની શક્તિ છે, તેમ આત્મપદાર્થ વસ્તુ છે અને જીવત્ત્વ આદિ ગુણો તે આત્માની શક્તિ છે.

આત્મદ્રવ્ય વસ્તુ છે તે અનંત અક્રમગુણથી ભરેલી છે, એકીસાથે અનંત શક્તિઓ–અક્રમવર્તી શક્તિઓ ભરી પડી છે અને તે શક્તિનું જે પરિણમન ક્રમવર્તી થાય છે–જે નિર્મળ પરિણમન થાય છે તેનો પિંડ આત્મદ્રવ્ય છે, અક્રમવર્તી અને ક્રમવર્તી ગુણ–પર્યાયનો પિંડ તે આત્મદ્રવ્ય છે.

આત્મા જ્ઞાનમાત્ર છે એમ કહેતાં આત્મા શરીર નહીં વાણી નહીં, પુણ્ય–પાપ નહીં ને એક સમયની પર્યાયમાત્ર પણ નહીં; ત્યારે પ્રશ્ન થાય કે જ્ઞાનમાત્ર આત્મા કહેતાં એકાંત ન થઈ જાય? બીજા ગુણ નથી એમ ન થઈ જાય? જ્ઞાન માત્ર આત્મા છે એમ કહેતાં એક જ ગુણ આવ્યો, અનંતગુણ આવ્યા નહીં; તેના ઉત્તરરૂપે અનેકાંતની ચર્ચા કરતાં અમૃતચંદ્રાચાર્યદેવ શક્તિઓનું વર્ણન કરે છે.

આત્મામાં અનંત શક્તિઓ છે. અનંત શક્તિઓ એટલે કેટલી?–કે જીવની જેટલી સંખ્યા છે–અનંત, તેના કરતાં અનંત ગુણી સંખ્યા પરમાણુની છે, અને પરમાણુની સંખ્યા કરતાં ત્રણકાળના સમય અનંત ગુણા છે, તે સમય કરતાં આકાશ નામનાં પદાર્થના કે જેનો ક્યાંય અંત નથી એવા આકાશના પ્રદેશો અનંત છે, તેના

કરતાં અનંતગુણી શક્તિઓ ભગવાન આત્મામાં ભરી છે–એમ પરમાત્મા જિનેશ્વર દેવ કહે છે.

શક્તિ એટલે ગુણ, આત્મા દ્રવ્ય છે તેમાં જ્ઞાન–દર્શન આદિ ગુણો છે તે અનંત છે. જેમ સાકરમાં મીઠાશ, સફેદાઈ આદિ ગુણો એકી સાથે છે, તેમ આત્મામાં જ્ઞાન–દર્શન–સુખ આદિ અનંત શક્તિઓ એકી સાથે છે તેથી તેને અક્રમવર્તી કહે છે, એક પછી એક નહીં પણ એકી સાથે તેને અક્રમવર્તી કહે છે. તેની જે પર્યાય થાય છે તે ક્રમવર્તી છે. અનંતગુણની એક સમયમાં એક–એક સમયે ક્રમે થનારી અનંત પર્યાય છે.

પ્રભુ! તારા ઘરની શી વાત! એમાં અનંતી શક્તિઓ છે અને એક–એક શક્તિ અનંત સામર્થ્યવાન છે, એક–એક શક્તિની પર્યાય પણ અનંતી છે. અસંખ્ય પ્રદેશોમાં એક–એક ગુણ સર્વવ્યાપક છે. તે અનંત શક્તિની સમયે–સમયે અવસ્થા થાય છે, અવસ્થા કૂટસ્થ નથી પણ દ્રવ્ય–ગુણ કૂટસ્થ છે. પર્યાય કૂટસ્થ નથી પણ પલટે છે તેને ક્રમવર્તી કહે છે. ક્રમે–ક્રમે વર્તનારી પર્યાયને ક્રમવર્તી કહે છે, એકી સાથે રહેનારા ગુણોને અક્રમવર્તી કહે છે, અને એ અક્રમવર્તી–ક્રમવર્તી ગુણ–પર્યાયના સમૂહને આત્મા કહે છે.

ભગવાન આત્મામાં અનંત શક્તિ છે ને એક–એક શક્તિમાં અનંત તાકાત છે. એક એક શક્તિમાં અનંત શક્તિનું રૂપ છે. જેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેમ આત્મામાં હોવારૂપ–અસ્તિરૂપ એક અસ્તિત્વગુણ છે. પરંતુ જ્ઞાનશક્તિમાં અસ્તિત્વગુણ નથી, પણ અસ્તિત્વગુણનું રૂપ છે. જ્ઞાન 'છે' તો એ જ્ઞાનગુણનાં હોવાપણામાં અસ્તિત્વગુણનું રૂપ આવ્યું, જ્ઞાનગુણમાં અસ્તિત્વગુણ ન આવ્યો પણ તેનું રૂપ આવ્યું. બન્ને ગુણ ભિન્ન છે, પણ એક ગુણમાં બીજો ગુણ નિમિત્ત છે. એવી અનંતી શક્તિઓ આત્મામાં ભરી પડી છે તેમાંથી ૪૭ શક્તિઓને આચાર્યદેવે અહીં વર્ણવી છે; પ્રથમ જીવત્વશક્તિ સમજાવે છે કેઃ–

## * જીવત્વ શક્તિ *

આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ. (આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં–આત્મામાં–ઊછળે છે.) ૧.

જીવત્વશક્તિમાં જ્ઞાનપ્રાણ, દર્શનપ્રાણ, આનંદપ્રાણ અને વીર્યપ્રાણ છે, તેના વડે જીવનું જીવન છે, શરીરથી, દ્રવ્યપ્રાણથી કે રાગથી આત્મા જીવે છે એમ નથી. જીવનું જીવન જીવત્વશક્તિથી છે અને જીવત્વશક્તિમાં જ્ઞાન-દર્શન-આનંદ ને વીર્ય એ ચાર ભાવપ્રાણ છે, તેના આધારે જીવનું ટકવું છે. પાંચ-ઇન્દ્રિય આદિ દશ જડપ્રાણથી જીવવું તો નથી પણ દશ અશુદ્ધપ્રાણથી પણ જીવવું નથી, કેમ કે તેવો કોઈ ગુણ પણ તારામાં નથી અને પર્યાય પણ નથી.

આત્મદ્રવ્યના કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવપ્રાણનું ધારણ જેનું લક્ષણ છે એવી જીવત્વશક્તિ છે. ત્રિકાળી જીવત્વશક્તિમાં ત્રિકાળી જ્ઞાન-દર્શન-આનંદ ને વીર્ય એ ચાર ભાવપ્રાણ ધારણ કરવાની શક્તિ છે. પુણ્ય-પાપને ધારણ કરવું તે તેની શક્તિમાં નથી, દયા-દાન-વ્રત-તપાદિ શુભભાવ હો પણ તેને ધારણ કરવાનો શક્તિનો સ્વભાવ નથી. આ તો પરમાત્મા જિનેશ્વરદેવની વાણી છે. ભગવાન આત્મા દ્રવ્ય ને જીવત્વ શક્તિ તે ગુણ અને દ્રવ્યની દ્રષ્ટિ જ્યારે થાય છે ત્યારે તે જીવત્વશક્તિનું નિર્મળ પરિણમન થાય તે પર્યાય છે. જ્ઞાન આનંદ આદિને ધારણ કરનાર જે ત્રિકાળી જીવત્વ શક્તિ છે તે ગુણ છે અને તે ત્રિકાળી દ્રવ્યની શક્તિ છે, તેથી વર્તમાન પર્યાય જ્યારે ત્રિકાળી દ્રવ્યને પકડે છે ત્યારે જીવત્વશક્તિનું પરિણમન નિર્મળ થાય છે. તે જીવત્વ શક્તિ દ્રવ્ય-ગુણમાં વ્યાપક છે અને નિર્મળ પર્યાયમાં પણ વ્યાપે છે.

જીવનું યથાર્થ સ્વરૂપ કેવું છે તે જાણ્યા વિના તેની દ્રષ્ટિ થતી નથી અને તેની દ્રષ્ટિ થયા વિના જેવી વસ્તુ છે તેવું સત્ય દર્શન કદી થતું નથી. અહીં કહે છે કે આત્મદ્રવ્યને કારણભૂત જે ચૈતન્યમાત્ર ભાવ-જાણવું ને દેખવું એવો જે ભાવ તેને ધારણ કરનારી એક જીવત્વ નામની શક્તિ આત્મામાં છે. આત્માએ ચૈતન્યમાત્ર ભાવને ધારણ કર્યાં છે, શરીર કે રાગને કદી ધારણ કર્યાં જ નથી.

ભગવાન આત્મા અનંત શક્તિનો પિંડ છે તેને તેં કદી જાણ્યો નથી, તારી ચીજની તેં કદી કિંમત કરી નથી. આત્મપદાર્થનું કારણ કોણ ?-કે ચૈતન્યમાત્ર જેનું સ્વરૂપ છે તેને ધારણ કરનારી જીવત્વશક્તિ કારણ છે, પણ એ શક્તિના ભેદ ઉપરથી દ્રષ્ટિ હટાવી શક્તિવાન એવા આત્મદ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. જેમ સાકર ભાવવાન ને મીઠાશ આદિ ભાવ, તેમ ભગવાન આત્મા તે ભાવવાન ને જીવત્વ આદિ શક્તિ તે ભાવ, એવી શક્તિને ધરનાર ભગવાન ઉપર દ્રષ્ટિ કરવાથી ચૈતન્યભાવપ્રાણની ક્રમવર્તી દશા ઉત્પન્ન થાય છે.

જ્ઞાનની વર્તમાન પર્યાય જેની છે તે દ્રવ્ય-સ્વભાવને દેખતો નથી ને જે પોતાની નથી તેને જુએ છે તે વિપરીત દ્રષ્ટિ છે. જ્ઞાનની પર્યાય જીવત્વશક્તિને ધરનાર જીવ વસ્તુ પર પડે છે ત્યારે તે જીવત્વશક્તિ ત્રણરૂપ પરિણમે છેઃ દ્રવ્યમાં રહે છે, ગુણમાં રહે છે ને પર્યાયમાં વ્યાપે છે, કેમ કે અક્રમવર્તી ને ક્રમવર્તી ગુણ-પર્યાયનો પિંડ તે આત્મા છે એમ અહીં કહેવું છે.

જીવત્વશક્તિ અને શક્તિવાન એવો ભેદ છોડીને-ભેદદ્રષ્ટિ છોડીને, અનંત-શક્તિને ધરનાર એકરૂપ જ્ઞાયકમાત્ર ઉપર દ્રષ્ટિ દેતાં જ્ઞાનભાવની પરિણતિ થાય છે તે આનંદ સહિત ઉત્પન્ન થાય છે અને તેની સાથે અનંતી પર્યાય ઊછળે છે.

જીવત્વશક્તિ ધરનાર ઉપર દ્રષ્ટિ દેતાં જીવત્વશક્તિનું ઉત્પાદ-વ્યયમાં પરિણમન થાય છે ને તેની સાથે અનંતી પર્યાયો ઊછળે છે. એક શક્તિ દ્રવ્ય-ગુણ અને પર્યાય-ત્રણેમાં વ્યાપે છે. કેવી રીતે?-કે એ શક્તિ ધારણ કરનાર આત્મા ઉપર દ્રષ્ટિ કરતાં જ્ઞાનની પર્યાયમાં તેને જ્ઞેય બનાવતાં દ્રવ્યમાં જીવનશક્તિ, ગુણમાં જીવનશક્તિ અને પર્યાયમાં પણ જીવનશક્તિની પ્રાપ્તિ થાય છે. તેને પ્રાપ્તિ સાથે પર્યાયમાં જ્ઞાન-આનંદ આદિ પર્યાયની પ્રાપ્તિ થાય છે. એક જીવનશક્તિની પર્યાયમાં પ્રાપ્તિ થતાં તેની સાથે અનંતી શક્તિની પર્યાયમાં પ્રાપ્તિ થાય છે.

તે જીવત્વશક્તિમાં ધ્રુવ-ઉપાદાન ને ક્ષણિક-ઉપાદાન બન્ને આવી જાય છે. ત્રિકાળી જીવનશક્તિ તે ધ્રુવ-ઉપાદાન છે અને પર્યાયમાં પરિણમન થયું-નિર્મળ પરિણમન થયું તે ક્ષણિક-ઉપાદાન છે, તથા સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ નિર્મળ પરિણતિનું પોતાની પર્યાયમાં પરિણમન થયું તેમાં વ્યવહારનો અભાવ છે તેનું નામ અનેકાંત છે.

શક્તિના પરિણમનમાં મલિનતા તો આવતી જ નથી, કેમ કે શક્તિ છે તે શુદ્ધ છે તેથી શક્તિનું પરિણમન છે તે શુદ્ધ હોય છે, અશુદ્ધ હોતું નથી અને પર્યાય દ્રષ્ટિના લક્ષે અશુદ્ધતા થતી હતી તે દ્રષ્ટિ છૂટી ગઈ છે.

જ્ઞાનભાવ સાથે અનંત શક્તિ છે, એક જ શક્તિ છે એમ નથી, તેનું નામ અનેકાન્ત છે. જ્ઞાનની પરિણતિ સાથે અનંતી નિર્મળ પરિણતિનું પરિણમન હોય છે અને રાગનો તેમાં અભાવ છે, વ્યવહારનો તેમાં અભાવ છે તેનું નામ અનેકાન્ત છે, પણ વ્યવહારથી થાય છે એમ નથી.

ભગવાન આત્માનો અનુભવ થયો, જ્ઞાનમાત્ર આત્માનો અનુભવ થયો,

સમ્યગ્જ્ઞાન થયું ત્યાં તેની સાથે અનંતી શક્તિની પર્યાય પણ ઊછળે છે. જ્ઞાનમાત્ર ભલે કહ્યું પણ દ્રવ્ય ઉપર જ્યાં દ્રષ્ટિ ગઈ ત્યાં જ્ઞાનની પર્યાય સાથે બીજી અનંતી શક્તિની પર્યાય ઊછળે છે.

દ્રવ્યનું લક્ષણ એ છે કે અનંતી ક્રમવર્તી પર્યાય–નિર્મળ પર્યાય અને અનંતી અક્રમવર્તી શક્તિનો સમૂહ તે દ્રવ્ય છે. વળી એક–એક શક્તિ અનંતી શક્તિમાં વ્યાપક છે. એક–એક શક્તિ અનંત શક્તિને નિમિત્ત છે. એક ગુણ કારણ અને બીજો ગુણ કાર્ય છે એમ પણ કહેવામાં આવે છે. એક–એક શક્તિમાં ધ્રુવ–ઉપાદાન ને ક્ષણિક–ઉપાદાન છે. ત્રિકાળી શક્તિ છે તે ધ્રુવ–ઉપાદાન છે અને દ્રવ્ય ઉપર દ્રષ્ટિ દેતાં સમ્યગ્દર્શન–જ્ઞાન આદિ જે નિર્મળ પરિણમન થાય છે તે ક્ષણિક–ઉપાદાન છે. એક–એક શક્તિમાં વ્યવહારનો અભાવ છે તેનું નામ અનેકાન્ત. શું કહ્યું ?–કે જીવનશક્તિને ધરનાર દ્રવ્ય–વસ્તુની દ્રષ્ટિ થતાં જીવનશક્તિનું જે પરિણમન થયું તે નિર્મળ પરિણમન થયું તેમાં વ્યવહારનો–મલિનતાનો અભાવ છે તે અનેકાન્ત છે પણ વ્યવહારથી નિશ્ચયની પરિણતિ થઇ તેમ નથી.

જેમાં જીવનશક્તિ આદિ શક્તિ છે એવા શક્તિવાન છે દ્રવ્ય ઉપર દ્રષ્ટિ પડતા આનંદ આદિની જે નિર્મળ પરિણતિ ઉત્પન્ન થઈ તેમાં વ્યવહારનો અભાવ છે તેનું નામ અનેકાન્ત છે. નિર્મળ પરિણતિ ઉત્પન્ન થઈ તે વ્યવહારથી ઉત્પન્ન થઈ એમ ત્રણ કાળમાં છે જ નહીં, કેમ કે શુદ્ધ ચૈતન્ય ભગવાનનો સ્વીકાર થયો ત્યાં શુદ્ધ ચૈતન્યના પરિણમનમાં એ જ ક્ષણે રાગનો અભાવ છે.

જીવનશક્તિ નામના ગુણને કારણે જીવ ટકી રહ્યો છે અને તે જીવત્વશક્તિ ચૈતન્યમાત્ર વસ્તુના કારણભૂત છે, નિમિત્ત આત્મદ્રવ્યને કારણભૂત નથી. તે જીવન શક્તિમાં મુખ્યપણે જ્ઞાન, દર્શન, આનંદ ને બળ એ ચાર ભાવપ્રાણ રહ્યાં છે. એ જીવનશક્તિ આત્મદ્રવ્યવસ્તુને કારણભૂત છે, આત્મદ્રવ્યવસ્તુનું ટકવું તે જીવત્વશક્તિના કારણે છે.

શક્તિ ને શક્તિવાન ઉપર દ્રષ્ટિ કરવાથી જીવનશક્તિનું પરિણમન પર્યાયમાં થાય છે. જીવત્વશક્તિનો ભાવ શું ?–કે જ્ઞાન–દર્શન–આનંદ ને બળ એ જીવત્વશક્તિનું કારણ અને એ શક્તિ દ્રવ્યત્વનું કારણ, એવી શક્તિને ધરનાર શક્તિવાન ઉપર દ્રષ્ટિ કરતાં વર્તમાન દશામાં–પ્રગટ પર્યાયમાં આનંદની ભરતી આવે છે, આનંદ ઊછળે છે, જે ધ્રુવપણે છે એવી શક્તિ પર્યાયમાં ઊછળે છે.

જ્ઞાનમાત્ર વસ્તુ છું એવી દૃષ્ટિ થતાં પર્યાયમાં જીવત્વશક્તિનું પરિણમન થયું તેની સાથે જ્ઞાન–દર્શન–આનંદ અકાર્યકારણ આદિ અનંતી શક્તિની પર્યાય ઊછળે છે–પ્રગટ થાય છે. જીવત્વશક્તિને ધરનાર ભગવાનની દૃષ્ટિ કરતાં જેમ જીવત્વશક્તિ પર્યાયમાં પ્રગટે છે, જ્ઞાન –દર્શન–આનંદ ને બળ પર્યાયમાં પ્રગટે છે તેમ તેની સાથે અકાર્યકારણ આદિ અવિનાભાવે સાથે રહેલી અનંતી શક્તિની પર્યાય ઊછળે છે.

પ્રશ્નઃ– ઊછળે છે એટલે શું ?

ઉત્તરઃ– દ્રવ્ય વસ્તુ છે, તેમાં અનંતી શક્તિઓ છે, એક શક્તિનું જ્યારે પરિણમન થાય છે ત્યારે અનંતી શક્તિની પરિણતિ એક સાથે ઉત્પન્ન થાય છે તેને ઊછળે છે એમ કહેવામાં આવે છે.

એક જ સમયે આનંદની પર્યાય ઊછળે છે અને અકાર્યકારણ શક્તિની પર્યાય પણ ઊછળે છે કે જે પર્યાય રાગનું કે નિમિત્તનું કાર્ય કે કારણ નથી. દ્રવ્ય–ગુણ તો રાગનું કે નિમિત્તનું કારણ કે કાર્ય નથી પણ જે પરિણતિ પ્રગટી છે તે પણ રાગનું કે નિમિત્તનું કારણ કે કાર્ય નથી. અરે ! એ નિર્મળ પર્યાયનો કર્તા દ્રવ્ય–ગુણને કહેવો એ પણ વ્યવહાર છે, નિશ્ચયથી તો પર્યાય કર્તા ને પર્યાય કર્મ, એ પર્યાય દ્રવ્ય–ગુણના કારણે નહીં અને પરના કારણે તો નહીં નહીં ને નહીં.

'આત્મા જ્ઞાનમાત્ર છે' એમ કહેતાં એકાંત થઈ જશે કેમ કે અનંત શક્તિઓ છે ને ? ત્યારે કહે છે કે ભાઈ ! કે જ્ઞાનમાત્રની સાથે 'જીવ જ્ઞાનસ્વરૂપ છે' એવી જ્યારે જ્ઞાનની પર્યાય થાય છે ત્યારે પર્યાયમાં બીજી અનંતી પર્યાય સાથે ઊછળે છે, અનંતી શક્તિની પરિણતિ સાથે ઊછળે છે. જ્ઞાનની પર્યાય સાથે અનંતી શક્તિની પર્યાય ઊછળે છે, જ્ઞાનમાત્ર આત્મા છે એવી જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે પર્યાયમાં જ્ઞાનની પર્યાયની સાથે અનંતગુણની પર્યાય પણ ઊછળે છે તેથી જ્ઞાનમાત્ર કહેતાં એકાંત થતું નથી.

## 'વચનામૃત'

બહારનાં બધાં કાર્યમાં સીમા–મર્યાદા હોય. અમર્યાદિત તો અનંતજ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા–મર્યાદા નથી. અંદરમાં–સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિ કાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે.

## સુવર્ણપુરી-સમાચાર-

# * મંગલ મહોત્સવ *

શ્રાવણી કૃષ્ણા બીજ ભક્ત હૃદયોમાં અનેક વિધ આનંદોર્મિનાં સરવડાં વરસાવતી આવી ને ગઈ. તે મંગલમય દિવસ, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મ–જયંતીથી પાવન થયો હોવાથી, મુમુક્ષુ સમાજ માટે એક આનંદોત્સવનો અનેરો તહેવાર છે.

દેવાધિદેવ શ્રી મહાવીર ભગવાન દ્વારા પ્રવાહિત અધ્યાત્મવિદ્યાનો નવયુગ પ્રવર્તાવનાર, લુપ્તપ્રાય શુદ્ધાત્માનુભૂતિના પંથને પુનઃ ઉજાળનાર પરમોપકારી પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ચૈતન્યસ્પર્શી મંગલમય અધ્યાત્મોપદેશથી પ્રભાવિત થઈ જેમણે પોતાની શુદ્ધાત્માભિમુખી સાધના સાકાર કરી છે, ગુરુદેવે આપેલા જ્ઞાનવૈરાગ્યમય દિવ્ય બોધનો જેમણે પોતાના જીવનમાં સાક્ષાત્કાર કર્યો છે, જેમની ભગવતી પ્રજ્ઞાથી વિભૂષિત નિર્મળ, નિર્વિકલ્પ સ્વાનુભૂતિમય સહજ દશાની ગુરુદેવ વારંવાર પ્રશંસા કરે છે અને 'ધર્મરત્ન', 'જગદમ્બા' વગેરે મહિમાવાચક ખાસ વિશેષણોથી વિભૂષિત કરી ગુરુદેવે જેમની આધ્યાત્મિક પવિત્રતા પ્રત્યે મુમુક્ષુ સમાજને શ્રદ્ધા, ભક્તિ તેમ જ બહુમાન જગાડયાં છે, જેમનું અનેક ભવોનું જાતિસ્મરણજ્ઞાન 'તીર્થંકરભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈન ધર્મ જ સનાતન સત્ય છે' એમ ગુરુદેવે યુક્તિ, આગમ અને સ્વાનુભવથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવેલા અધ્યાત્મમાર્ગના શ્રદ્ધાનની દ્રઢતાનું કારણ બની મુમુક્ષુ જીવોને મહાન લાભના હેતુભૂત થયું છે, અને જેમનાં શુદ્ધાત્મમાર્ગપ્રકાશક, સ્વાનુભૂતિપ્રેરક, સુગમ છતાં સચોટ હૃદયસ્પર્શી વચનામૃતો અધ્યાત્મજિજ્ઞાસુઓને વિશિષ્ટ ઉપકારભૂત થયાં છે તે પરમોપકારી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૪ મી જન્મજયંતીનો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં સૌ ભક્તજનો દ્વારા–સ્થાનીય તથા આગંતુક મળીને લગભગ ૨૫૦૦ મુમુક્ષુસમુદાય દ્વારા–અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

રક્ષાબંધનના મંગલ પર્વથી પ્રારંભ થતા આ ત્રિદિવસીય ઉત્સવમાં સર્વપ્રથમ પંચ પરમેષ્ઠી ભગવંતોની 'મંડલવિધાનપૂજા' રાજકોટનિવાસી બ્ર. શારદાબેન જયસુખલાલ સંઘાણી તરફથી રાખવામાં આવી હતી.

પૂનમના પ્રભાતથી ત્રણે દિવસ શ્રી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમનું નભમંડળ ચોઘડિયા–

( અનુસંધાન માટે જુઓ પેજ ૨૫ )

## * જીવનું સામર્થ્ય *

**અતીન્દ્રિય આનંદની મૂર્તિ સ્વરૂપ ભગવાન આત્માના અનુભવ માટે નિમિત્ત કે વ્યવહારરત્નત્રયના રાગના અવલંબનની બિલકુલ જરૂર નથી, કેમ કે પોતાના શુદ્ધ સ્વરૂપને જીવ પોતે પોતાની મેળે અનુભવવા સમર્થ છે. ભગવાનની વાણીથી અનુભવ થાય કે ગુરુના ઉપદેશથી અનુભવ થાય એમ છે જ નહીં, પોતાની મેળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાના સામર્થ્ય વડે જીવદ્રવ્ય શોભાયમાન છે. પોતે પોતાની મેળે શુદ્ધ સ્વરૂપને અનુભવતો થકો સમસ્ત જગતના સાક્ષીભાવે શોભા પામે છે, માટે પરની કે રાગની અપેક્ષા વિના તારા શુદ્ધ સ્વરૂપને તું અનુભવ.**

**( કળશ-ટીકા કળશ ૪૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન )**

અનુભવની વિધિનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે જીવદ્રવ્ય પોતાની મેળે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવાને સમર્થ છે, રાગની મંદતા હતી કે ઘણાં વ્રત-તપ આદિ કર્યા તેથી આત્મજ્ઞાન થયું તેમ નથી. પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હતું ત્યારે અજ્ઞાનપણે વિકારના ભાવને વેદવા-અનુભવવા સમર્થ હતો એવો જીવદ્રવ્ય પોતે પોતાની મેળે પોતાના શુદ્ધદ્રવ્યને અનુભવવા સમર્થ છે, પણ અજ્ઞાનીને નિજદ્રવ્યની કિંમત નથી.

અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે પણ તેના ભાન વિના દયા-દાન કે પુણ્ય-પાપના ભાવનું અજ્ઞાનપણે વેદન હતું, હવે ગુલાંટ-પલટો ખાય છે ત્યારે રાગથી ભિન્ન પોતાના શુદ્ધસ્વરૂપનું જ્ઞાન કરે છે અનેશુદ્ધસ્વરૂપને અનુભવે છે. આત્માની સન્મુખ થઈને તેમાં વીતરાગી પર્યાયની એકાગ્રતા ને ભાવના વડે અતીન્દ્રિય આનંદને અનુભવવા સમર્થ છે.

દયા–દાન–વ્રત ભક્તિનું પરિણમન તે રાગ છે, રાગનું વેદન છે તે કર્મચેતના છે, તેનો અનુભવ તે દુઃખરૂપ છે, ઝેરનો અનુભવ છે ને સંસારમાં રખડવાનું મૂળ છે; ભગવાન આત્મા શુદ્ધ અનંત શક્તિનો ભંડાર છે, અનંત અપરિમિત સ્વભાવથી ભરેલો, બેહદ શક્તિથી ભરેલો, આત્મા છે, તેને પોતાના અનુભવ વડે અનુભવવા સમર્થ છે.

ચૈતન્યરત્ન છે, ચૈતન્યહીરલો છે, અનંત શક્તિરૂપ છે, એવો જે પોતાનો સ્વભાવ તેને પોતાની મેળે–દેવથી, ગુરુથી કે વાણીથી નહીં પણ પોતાની મેળે–પોતાને અનુભવવા સમર્થ છે. જેમાં વાણીની જરૂર નથી, જેમાં વ્યવહારરત્નત્રયના રાગની પણ જરૂર નથી એવો જ તારો સ્વભાવ છે, એવો જ સ્વભાવનો મહિમા છે. પોતે પોતાના વડે જ્ઞાન ને આનંદરૂપ ત્રિકાળી સ્વરૂપને અનુભવવા સમર્થ થયો. કેવી રીતે ?–કે રાગથી ભિન્ન પાડીને.

શુદ્ધદ્રવ્યને રાગથી ભિન્ન પાડીને પોતાની મેળે અનુભવવા જીવદ્રવ્ય સમર્થ છે. ત્યારથી એટલે કે આત્માનું સમ્યગ્દર્શન થયું ત્યારથી સકલ જગતને જાણનશીલ થઈને શોભે છે. સ્વરૂપનો અનુભવ થતાં કોઈ પણ પરદ્રવ્ય મારું છે એમ માનવું કે કોઈનું કરવું એવું રહેતું નથી પણ બધાનો જાણનશીલ–જાણનાર થઈ જાય છે. સમસ્ત જગતનો સાક્ષી થઈ જાય છે. સર્વ જગતને જ્ઞેય તરીકે જાણનારો રહી જાય છે. પોતાના જ્ઞાતાસ્વરૂપનું જ્ઞાન થતા સર્વ જગતનો પણ જાણનારો થયો. પોતાને જાણતા પોતાના સિવાય જે અનંત દ્રવ્યો છે તેનો જાણનાર થઈ ગયો, પણ પર મારાં છે કે દયા–દાન આદિના ભાવ મારા છે એવું તેને રહ્યું નથી. પરને બચાવી શકું છું –એવી રક્ષકબુદ્ધિ રહેતી નથી કે શરીરની રચનાનો હું રચનારો છું–એવું રહ્યું નથી પણ સર્વ પરદ્રવ્યોને માત્ર જાણનારો થઈને રહે છે.

મારો સ્વભાવ જ એવો છે કે જ્યાં સ્વરૂપનું જ્ઞાન થયું ત્યાં પરસત્તાને પણ જાણનારો જ રહ્યો, પરસત્તાને કરવાવાળો ન રહ્યો. પહેલાં પણ પરસત્તાને કરતો ન હતો પણ કરવાવાળો માનતો હતો તે હવે સમ્યગ્દર્શન થતાં સ્વસત્તાને જાણતાં પરસત્તાને પણ જાણનારો થયો. પરને જાણવું એ પણ પોતાની પર્યાયનો સ્વભાવ છે, પરન્તુ પર છે માટે જાણવાપણું પ્રગટે છે તેમ નથી. સ્વપરપ્રકાશક સ્વભાવને લીધે સ્વને જાણતાં પરનું જાણવું પોતાની મેળે થાય છે, પર છે માટે જણાય છે તેમ નથી, જેમ છે તેમ જાણે એવો સ્વભાવ છે.

ભગવાન આત્મા પોતે રાગથી ભિન્ન થઈને પોતાને અનુભવવા સમર્થ થયા તેથી પોતાને જાણતાં સમસ્ત પરદ્રવ્યનો જાણનાર થઈને શોભી રહ્યો છે. પરદ્રવ્યની સત્તાનો જાણનશીલ છે, પરદ્રવ્યની સત્તા તેં કરી નથી, તેમાં ફેરફાર થાય તેનો કર્તા તું નથી પણ જાણનાર તું છે. અવધિજ્ઞાન કે મનઃ પર્યયજ્ઞાન પણ જેમ છે તેમ જાણે છે, કોઈને કરતું નથી. બીજાના સુખ–દુઃખને જાણવાના સ્વભાવવાળો છે, નિગોદના અનંત જીવોને પણ જાણવાના સ્વભાવવાળો છે પણ તેની દયા પાળવાના સ્વભાવવાળો નથી–એવું જ તેનું સ્વરૂપ છે.

ધર્મી જીવ જેમ પોતાના શુદ્ધ સ્વરૂપને જાણે તેમ જે પરની સત્તા છે તેને જાણે છે. દુઃખી જીવને જોઈને દુઃખમુક્ત કરવાનો વિકલ્પ આવે પણ ધર્મી તો એ વિકલ્પને પણ જાણે છે, કરતો નથી, વિકલ્પ ઊઠે પણ તેનો જાણનાર છે.

જ્યારે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે સમસ્ત પરદ્રવ્યનો એટલે કે દ્રવ્યકર્મ, નોકર્મ અને દયા–દાન આદિના વિકલ્પરૂપ ભાવકર્મનો જાણનશીલ છે. ભાવકર્મ મટે તેને પણ જાણે છે, નિર્જરાને પણ જાણે, કેમ કે તેનો સ્વભાવ જ્ઞાન–સ્વરૂપ છે–એમ સમ્યગ્દર્શનમાં આવ્યું ત્યારે પરદ્રવ્યનો ને પરભાવ–રાગાદિ થાય તેનો જાણનશીલ છે, થાય તેને કરતો નથી ને ટળે તેને ટાળતો નથી, એ તો માત્ર જાણનાર છે. ભોજન લે છે તેનો ખાનાર નથી પણ તેનો જાણનાર છે. સમસ્ત પરદ્રવ્ય પ્રત્યે ને દયા–દાન આદિના ભાવકર્મ પ્રત્યે ઉદાસીનપણે છે.

જીવદ્રવ્ય પોતે પોતાની મેળે, રાગ ને નિમિત્તની અપેક્ષા છોડીને, પોતાના શુદ્ધ સ્વરૂપનું વેદન કરે છે. જીવદ્રવ્ય જ્ઞાનાનંદ સ્વભાવથી કાયમ બિરાજમાન છે, તેને દયા–દાનાદિની અપેક્ષા વિના, પોતે પોતાની મેળે અનુભવે છે. શુદ્ધસ્વરૂપને જીવદ્રવ્ય પોતાની મેળે અનુભવે છે, શુદ્ધસ્વરૂપને અનુભવે છે પણ પુણ્ય–પાપના ભાવ તો અશુદ્ધ સ્વરૂપે છે તેથી તેને અનુભવતો નથી.

પોતાના આનંદસ્વભાવને પોતાની મેળે અનુભવવા સમર્થ થયો તેનું નામ સમ્યગ્દર્શન છે, તે ધર્મનું પ્રથમ સોપાન છે. અતીન્દ્રિય આનંદસ્વભાવને પર્યાયમાં અનુભવ કરવા સમર્થ થયો તેનું નામ જન્મ–જન્માન્તરનો અંત છે.

ત્યારથી એટલે કે આનંદના સ્વભાવને અનુભવવા સમર્થ થયો ત્યારથી સમસ્ત જગતનો સાક્ષી થઈ ગયો. તે ચીજ મારી છે એવી દ્રષ્ટિ છૂટી ગઈ છે તેથી તેનો

સાક્ષી થયો છે, પર મારું ને હું તેનો એ માનવું છૂટી ગયું છે ને સકળ પરદ્રવ્યનો જાણનશીલ થયો છે, અરે! પરમાત્મા હોય તોપણ હું તો તેનો જાણનાર છું, અને સ્ત્રી-પુત્ર આદિ હોય તેનો પણ હું તો જાણનાર છું, તેઓ કોઈ મારાં નથી. મારું શું છે?-કે જ્ઞાન ને આનંદસ્વરૂપ તે હું છું-તેમ પોતાની ચીજનો પોતાથી અનુભવ કરે છે અને પોતાની ચીજથી ભિન્ન ચીજનો જાણનાર રહે છે.

પરથી વિમુખ થઈને ને સ્વભાવથી સન્મુખ થઈને પોતાના ત્રિકાળી સ્વભાવનો અનુભવ થયો ત્યારથી સકળ પરદ્રવ્યનો જાણનારો થઈને શોભે છે, પોતાના જ્ઞાનાનંદ નિત્યાનંદ પ્રભુનો અનુભવ થયો ત્યારે સમસ્ત પરદ્રવ્યનો જાણનશીલ થવાથી શોભે છે, પરદ્રવ્યને પોતાના માનવા તે અશોભનિક છે. પરદ્રવ્યનો જાણનશીલ થવું એ મારી શોભા છે.

ભગવાન આત્મા જ્યારે આત્મજ્ઞાન પામે છે ત્યારે સકળ જગતનો જાણનહાર છે. પોતાના સિવાય જે અનંતા જીવો, અનંતા સિદ્ધો ને અનંતા પરમાણુઓ છે તેનો સાક્ષી રહે છે, ચક્રવર્તીના રાજ્ય હોય તોપણ ધર્મી તો તેનો જાણનશીલ રહે છે અને તે તેની શોભા છે. જ્ઞાનીને રાગ આવે છે, જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી રાગ આવે છે પણ જ્ઞાની તેનો જાણનશીલ છે, તેનો કર્તા નથી અને તે તેની શોભા છે.

વિકલ્પ આવ્યો અને શાસ્ત્રની રચના થઈ, તો કહે છે કે એ વિકલ્પોને પણ જાણનાર રહ્યો છે, સમસ્ત પરદ્રવ્યથી માંડીને રાગ સુધીનો જાણનાર રહે છે, કર્તા થતો નથી તે તેની શોભા છે, શુદ્ધસ્વરૂપી ચૈતન્ય પોતે છે, તેનો અનુભવ કર્યો ત્યારથી પોતે કુટુમ્બ-પરિવારનો સાક્ષી છે, જગતનો સાક્ષી છે, સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં જાણનશીલ રહે છે, સાક્ષી રહે છે પણ તે મારાં છે એમ માનતો નથી.

એ રીતે જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે અર્થાત્ શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે સકળ પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ-ભાવકર્મ અને નોકર્મથી એટલે કે આઠ જડ-કર્મ, પુણ્ય-પાપરૂપ ભાવકર્મ અને શરીર આદિ નોકર્મથી ધર્મી ઉદાસીન રહે છે. જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય તે રાગ છે, તે ભાવકર્મ પરદ્રવ્ય છે, શુભ ઉપયોગ તે પરદ્રવ્ય છે, ધર્મી તેનાથી ઉદાસીન છે.

પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ, પરદ્રવ્યરૂપ ભાવકર્મ-દયા-દાન આદિ ભાવકર્મ અને શરીરાદિ પ્રત્યે ઉદાસીન છે, કેમ કે શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં તેને શુદ્ધ ચૈતન્ય

ઉપાદેય છે. ધ્રુવને ધ્યાનમાં લઈ જ્યારે આત્માનો અનુભવ થયો ત્યારથી તે જીવ પોતાના પૂર્ણાનંદ સ્વરૂપને ઉપાદેય જાણતો હોવાથી રાગાદિ વિકલ્પ ઉઠે તેના પ્રત્યે ઉદાસીન છે.

કેવું છે જીવદ્રવ્ય ?–કે જેનું મૃત્યુ નથી ને જેની શરૂઆત નથી. આદિ નથી તેથી અનાદિ છે ને નાશ નથી તેથી અનિધન છે. વળી તે દુઃખથી રહિત છે. પુણ્યના ભાવ તે દુઃખરૂપ છે, દેવ–ગુરુ પ્રત્યેનો રાગ, શાસ્ત્ર પ્રત્યેની બુદ્ધિ તે બધાં દુઃખરૂપ છે, તેનાથી રહિત જીવદ્રવ્ય છે, કેમ કે વિકલ્પમાત્ર તે દુઃખરૂપ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ છે ને ક્લેશથી નિવૃત્ત છે, કેમ કે અતીન્દ્રિય આનંદના વેદનથી સહિત છે તેથી તે દુઃખના વેદનથી નિવૃત્ત છે. આનંદનું વેદન થયું તેથી તે દુઃખથી રહિત છે.

પુણ્યનો ભાવ ઉત્પન્ન થાય છે તે ક્લેશ છે, વ્રત–ભક્તિ આદિ વિકલ્પ ઊઠે છે તે રાગ છે ને ક્લેશ છે. તે ક્લેશ કેવો છે ? કે ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે અને દયા–દાન આદિ ભાવ તે કર્મસ્વરૂપ છે, તે બન્ને એકરૂપ છે એવા સંસ્કાર વડે જૂઠા અનુભવથી 'જીવ કર્તા ને રાગ કાર્ય' એવી વિપરીત પ્રતીતિરૂપ ક્લેશ છે. રાગની સાથે એકતાબુદ્ધિ ઉત્પન્ન થઈ તે અજ્ઞાનથી થઈ છે તેથી તે અજ્ઞાન સ્વરૂપ જ છે.

શુભરાગ છે તે મારી ચીજ છે એવો અનાદિથી અભ્યાસ થઈ ગયો છે. આત્મા કરનારો ને શુભરાગ તેનું કર્મ એવી અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ છે. પોતાના સ્વરૂપને જાણતા નથી એવા અજ્ઞાની જીવો રાગ સાથે એકતાબુદ્ધિ કરીને 'રાગ મારું કર્તવ્ય છે'–એવી અજ્ઞાનપણે કર્તાકર્મની પ્રવૃત્તિ કરી રહ્યાં છે. રાગ સાથે એકત્વપણું માન્યું છે પણ જ્ઞાયક પ્રભુ એકરૂપ થયો નથી. રાગની એકતાબુદ્ધિ એ અજ્ઞાનનો અભ્યાસ છે ને રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનો અભ્યાસ તે ધર્મનો અભ્યાસ છે–જ્ઞાનનો અભ્યાસ છે.

કેવી છે જીવવસ્તુ ?–કે દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ છે ખરાં, પણ તેનાથી સર્વથા ત્યાગબુદ્ધિ કરીને અને આનંદના નાથને ઉપાદેય કરીને શુદ્ધ ચિદ્રૂપને આસ્વાદતી જીવવસ્તુ છે. પોતાના આનંદસ્વરૂપને આસ્વાદતી અને વિદ્યમાન જે દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મરૂપ પરવસ્તુ તેનો સર્વથા ત્યાગ બુદ્ધિ કરતી જીવવસ્તુ છે.

## જ્ઞા.....ન.....ગો.....ષ્ઠી

### ( પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્ગારો )

પ્રશ્નઃ– જગતમાં દરેક પદાર્થ પોતપોતાને આધીન સ્વતંત્ર પરિણમે છે તો બધા પદાર્થને સારરૂપ ન કહેતા જીવને જ સારરૂપ કેમ કહેવામાં આવે છે?

ઉત્તરઃ– જીવપદાર્થ શુદ્ધ ચૈતન્યઘન છે તે અતીન્દ્રિય સુખરૂપે પરિણમતો હોવાથી જીવને જ સારરૂપ કહેવામાં આવે છે. ધનકુટુંબ શરીર આદિમાં તો સુખ નથી પણ તેના તરફના લક્ષવાળા પાપ ભાવમાં પણ સુખ નથી અને દયા–દાન–પૂજા ભક્તિ આદિના પુણ્યભાવમાં પણ સુખ નથી. એ પુણ્યભાવને જાણનારમાં–તેના તરફના લક્ષવાળી જ્ઞાનપર્યાયમાં પણ સુખ નથી. સુખનો ભંડાર ભગવાન ચૈતન્યમાં છે તેથી તેને જાણનાર જ્ઞાન પર્યાયમાં અતીન્દ્રિય સુખ આવે છે. માટે જીવ પદાર્થ જ સારરૂપ છે.

પ્રશ્નઃ– હમારે લિયે ઈસ ચક્કરસે છૂટનેકે લિયે કોઈ રાસ્તા નહિ હૈ?

ઉત્તરઃ– પરથી ભિન્ન છું તેવું ભેદજ્ઞાન કરવું તે જ એક સંસારના ચક્કરથી છૂટવાનો રસ્તો છે, બીજો કોઈ દુઃખથી છૂટવાનો રસ્તો નથી.

પ્રશ્નઃ– ધર્મ કરવો હોય પણ કુગુરુ મળી જાય તો શું કરવું?

ઉત્તરઃ– અંદરની સાચી પાત્રતા હોય તો સાચા નિમિત્તો સહજ મળી જાય, સાક્ષાત્ ભગવાન મળી જાય. સિંહ જેવા પ્રાણીને પણ અંદરની પાત્રતા તૈયાર થતાં જંગલમાં આકાશમાંથી મુનિઓ નીચે ઉતરી બોધ આપે છે. પાત્રતા હોય તો નિમિત્તનો યોગ ગમે તેમ મળી જાય છે, અંદરની પાત્રતા હોય ને સાચો યોગ ન મળે એમ ન બને.

પ્રશ્નઃ– આપ બધા નિમિત્તોનો નિષેધ કરો છો પણ ગુરુગમ વિના સમજાતું નથી એટલી વાત સાચી રાખો!

ઉત્તરઃ– નિમિત્ત નથી હોતું એમ નથી પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે તેમ નથી. ઉપાદાનના કાર્ય કાળે નિમિત્ત સહજ હોય એવો નિમિત્ત – નૈમિત્તિક સંબંધ છે છતાં નિમિત્તથી કાર્ય થતું જ નથી.

પ્રશ્નઃ– જ્ઞાની કહે છે કે મોહ તે મારો નથી અને અમૃતચંદ્રઆચાર્યે કહ્યું કે મલિન પરિણતિ તે મારી છે તેનો અર્થ શું?

ઉત્તરઃ– દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિથી વિકારના પરિણામ તે મારા નથી. જેમ જવમાંથી જવ થાય છે તેમ તે ૧૪ ગુણસ્થાનોનો ભેદ પુદ્ગલ કર્મથી પડે છે, તેથી તે પુદ્ગલના

છે છતાં જ્ઞાની જ્ઞાનમાં જાણે છે કે વિકારી પરિણતિ પોતાની છે કેમ કે પોતાના અપરાધથી થઈ છે.

પ્રશ્નઃ– જ્ઞાની અભિપ્રાયમાં રાગથી નિવર્તે છે એટલે શું?

ઉત્તરઃ– જ્ઞાનીને રાગરૂપ આસ્રવ આવે છે છતાં અભિપ્રાયમાં તે રાગને પોતાનો માનતો નથી. રાગથી ભિન્ન સ્વભાવદ્રષ્ટિ થઈ છે તેથી જ્ઞાની અભિપ્રાયમાં રાગથી નિવર્તે છે તેમ કહ્યું છે.

પ્રશ્નઃ– શુદ્ધનયનો વિષય અંશ છે કે અંશી?

ઉત્તરઃ– નયનો વિષય અંશ છે.

પ્રશ્નઃ– શુદ્ધનયનો વિષય પરિપૂર્ણ છે ને?

ઉત્તરઃ– પરિપૂર્ણ હોવા છતાં વર્તમાન પર્યાય વિનાનો હોવાથી તેને અંશ કહેવાય છે. પરંતુ એ અંશ ત્રિકાળી હોવાથી તે અપેક્ષાએ તેને અંશી પણ કહેવાય.

* સમયસાર ગાથા ૩૨૦ ની ટીકામાં જયસેનાચાર્યદેવે બહુ સૂક્ષ્મ વાત કરી છે. દેહ–મન–વાણી આત્માથી જુદા છે, કર્મ જુદા છે, દેવ–શાસ્ત્ર–ગુરુ પણ આત્માથી જુદા છે અને રાગ–વિકાર તે પણ આત્માથી જુદા છે, એથી પણ આગળ શુદ્ધ નિર્મળ પર્યાય કે જેમાં શુદ્ધાત્માનું જ્ઞાન આવ્યું છે એ શુદ્ધજ્ઞાનની પર્યાય પણ ધ્રુવ આત્માથી કથંચિત્ ભિન્ન છે, કેમ કે ત્રિકાળી દ્રવ્ય એકરૂપ ધ્રુવવસ્તુ છે ને શુદ્ધ પર્યાય ક્ષણિક પલટતી અવસ્થા છે, તેથી નિર્મળ પર્યાય પણ ધ્રુવથી કથંચિત્ ભિન્ન કહી છે. આસ્ત્રવ–બંધની પર્યાયને તો આત્માથી ભિન્ન કહી પણ મોક્ષમાર્ગ અને મોક્ષની પર્યાયને પણ ધ્રુવ આત્માથી ભિન્ન કહીને બહુ સૂક્ષ્મ વાત કરી છે.

પ્રશ્નઃ– રાગને મલિન કહેવો તે તો બરાબર છે પણ દર્શન – જ્ઞાન–ચારિત્રના ભેદને પણ મલિન શા માટે કહો છે?

ઉત્તરઃ– આત્મા અનંત ગુણોનો પિંડ અખંડ અભેદ નિર્મળ વસ્તુ છે. એ અખંડ અભેદ વસ્તુમાં દર્શન– જ્ઞાન–ચારિત્રના ત્રણ ભેદ પાડવા તે વ્યવહાર છે. વ્યવહાર હોવાથી તેને અશુદ્ધ અને મલિન કહ્યો છે. એકરૂપ ભૂતાર્થવસ્તુને નિર્મળ કહીને અનેકરૂપ ભેદને અભૂતાર્થ અશુદ્ધ કહીને મલિન કહ્યું છે. દ્રષ્ટિનો વિષય અભેદ વસ્તુ છે અને ગુણ–પર્યાયના ભેદ ઉપર લક્ષ જતાં રાગીને–સાધકને રાગ થાય છે તેથી ભેદને મલિન કહ્યો છે.

* જીવવસ્તુ અતીન્દ્રિય આનંદમય હોવા છતાં આશ્ચર્યકારી અનેક ભાવોરૂપે પરિણમે છે, આર્ત–રૌદ્ર ધ્યાનરૂપે થાય, મચ્છી, માંસ આદિ ખાસ, પરસ્ત્રી લંપટતા આદિના મહાક્રૂર પાપભાવોને સેવે ને ઘડીકમાં અતિ દયાળુ થઈને કીડી, કંથવા આદિ જીવોની પણ દયા પાળે, દાન–પૂજન–ભક્તિ આદિના અતિ કોમળ પુણ્ય ભાવોને કરે છે –એ રીતે ચાર ગતિને

યોગ્ય અનેક પ્રકારના શુભ-અશુભ ભાવોના સ્વાંગો કરે છે જ્યાં સુધી શુદ્ધ ચૈતન્ય ધ્રુવ જીવવસ્તુ તે સ્વાંગોથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એને દ્રષ્ટિમાં લ્યે નહિ ત્યાં સુધી અનેક પ્રકારના શુભાશુભ સ્વાંગોને ધારણ કરે છે.

* ભગવાન આત્મા અનંત અનંત જ્ઞાનદર્શન આદિ ગુણ લક્ષ્મીથી ભરેલો છે, તેના અસ્તિપણાની-તેની હૈયાતીની કબુલાત નહિ, વિશ્વાસ નહિ અને જેમાં પોતે નથી એવા અલ્પજ્ઞતા અને રાગમાં પોતાની અસ્તિ માનવી, હૈયાતી માનવી એ જ અજ્ઞાન છે અને તે જ બંધનું કારણ છે પોતાના સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવનો સ્વીકાર નહિ અને રાગના એક અંશનો સ્વીકાર તે અજ્ઞાન જ બંધનું કારણ છે. બીજુ જાણપણું ન કર્યું તેથી અજ્ઞાન છે તેમ ન કહ્યું પણ પોતાના સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવને ન જાણ્યો તે જ અજ્ઞાન અને બંધનું કારણ છે તેમ કહ્યું.

* આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે. જેમ સિદ્ધ ભગવાન એકલા જાણનાર છે તેમ સમ્યગ્દ્રષ્ટિ પણ જે સમયે જે રાગ આવે છે તેને જાણનાર જ છે, દ્રષ્ટિ જ્ઞાન સ્વભાવ ઉપર પડી છે એટલે જે થાય તેના જાણનાર જ છે. તેને નથી કરવો રાગ અને નથી જવું રાગમાં જાણવા, આવું એનું સ્વરૂપ છે.

* દ્રવ્ય-પર્યાય થઈને એક આખી વસ્તુ હોવા છતાં દ્રવ્ય અને પર્યાય બે ધર્મો છે, તે એક બીજાથી ભિન્ન સ્વરૂપે છે. દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ નિત્યધર્મરૂપે છે ને પર્યાય એક સમય પુરતી, અનિત્ય ધર્મવાળી છે. દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ મહાન વસ્તુ છે તે એક સમયની પર્યાયમાં આવી શકે નહિ પણ એ ત્રિકાળી ધ્રુવ મહાન વસ્તુ છે તેની મહાનતાનું જેટલું સામર્થ્ય છે તે એક સમયની પર્યાયમાં આવે છે પણ વસ્તુ પર્યાયમાં આવતી નથી. વસ્તુનું જ્ઞાન આવે છે, પ્રતીત આવે છે, વિશ્વાસ આવે છે.

* સુવર્ણને વાન ભેદથી જોતા વાન ભેદરૂપ પણ છે અને સુવર્ણમાત્રથી જોતા સુવર્ણમાત્ર છે, વાનભેદ જૂઠા છે. તેમ જીવ વસ્તુને નવતત્ત્વના ભેદરૂપ, ઉત્પાદ વ્યવ-ધ્રુવરૂપ, ગુણ ગુણીભેદરૂપ જોતા તે ભેદ સત્યાર્થ છે. વસ્તુ ભેદરૂપ પણ છે અને જીવને વસ્તુમાત્રપણે જોતા તે બધા ભેદ જૂઠા છે. વસ્તુ અભેદ-ભેદરૂપ છે પણ સરાગીને ભેદ દેખતા વિકલ્પ ઉઠે છે ને અભેદરૂપ દેખતા નિર્વિકલ્પ અનુભવ થાય છે. કેવળીને ભેદ દેખવા છતાં વીતરાગ હોવાથી રાગ ઉઠતો નથી, સરાગીને ભેદ ઉપર લક્ષ જતા રાગ થાય છે. ભેદને દેખવું તે રાગનું કારણ નથી પણ સરાગીને ભેદ દેખતા રાગ ઉત્પન્ન થાય છે, તેથી સરાગને નિર્વિકલ્પતાનું પ્રયોજના હોવાના કારણે ભેદનું લક્ષ ગૌણ કરી અભેદનું લક્ષ કરવા કહ્યું છે.

* અનુમાનજ્ઞાનથી દેખતા 'જીવ ચેતના સ્વરૂપ છે' એમ જીવમાં ચેતનાના ભેદનો વિકલ્પ ઊઠે છે તે પણ જૂઠો છે. શુદ્ધ વસ્તુમાત્ર છે એવો અનુભવ તે સમ્યક્ છે. 'જીવનું લક્ષણ ચેતના છે' એટલા ભેદથી અનુમાન કરે તે પણ વ્યવહાર હોવાથી જૂઠો છે. પ્રત્યક્ષ અનુભવ તે જ સમ્યક્ છે, તે જ નિશ્ચય છે. ચેતના લક્ષણ વડે ચૈતન્યને જાણવામાં આવે છે–એવા અનુમાનજ્ઞાનને પણ વ્યવહાર કહીને, ભેદ કહીને જૂઠો કહ્યો છે. પ્રત્યક્ષ અનુભવ તે જ સમ્યક્ છે. પ્રવચનસારમાં ૧૭૨ ગાથામાં એકલા અનુમાનજ્ઞાનનો નિષેધ કરીને આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે તેમ કહ્યું છે.

* આત્મા પરદ્રવ્યની પર્યાય તો આઘી પાછી કરી શકતો નથી પણ પોતામાં ક્રમસર થતી પર્યાયને પણ આઘી પાછી કરી શકતો નથી, માત્ર જાણનાર જ્ઞાતા જ છે. દયા–દાન –પુજા–ભક્તિનો રાગ થાય તેને પરજ્ઞેય તરીકે જાણે છે. (આંખ દેખવા સિવાઈ શું કરી શકે? તેમ જ્ઞાન જાણવા સિવાઈ શું કરી શકે?)

* શરીરાદિ પરદ્રવ્ય સાથેની એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વભાવ છે. દયા દાન–ભક્તિ આદિ શુભરાગ સાથે એકત્વબુદ્ધિ તે બધો મિથ્યાત્વ ભાવ છે. આચાર્યદેવ કહે છે કે તેને તત્કાળ છોડવા યોગ્ય છે, સૂક્ષ્મકાળ માત્ર પણ આદર કરવા યોગ્ય નથી, વાયદો કરવા લાયક નથી, તત્કાળ છોડવા યોગ્ય છે.

* એકબાજુ જ્ઞાનસિંધુ છે ને બીજી બાજાું ભવસિંધુ છે, જ્યાં રુચે ત્યાં જા. જ્ઞાન–સિંધુ રુચે તો જ્ઞાયકપણે રહેતા મોક્ષ થશે અને ભવસિંધુ રુચે તો ચારગતિના અનંત અનંત ભવસિંધુમાં રખડશે.

* બહારમાં વ્રત કરવા, પૂજા કરવી, ભક્તિ કરવી, યાત્રા કરવી, એ બધું અજ્ઞાનીને સહેલું લાગે છે અને અંદરમાં આત્માને ધ્યાનનો વિષય બનાવવો, આત્મા જેવો છે તેવા સામર્થ્યપણે ઓળખીને તેમાં એકાગ્રતા કરવી એ એને કઠણ... કઠણ લાગે છે, પણ એ મૂળ વસ્તુ છે. આત્માના ભાન વિના બધા શુભ રાગ થોથા જેવા છે, શરણ આપે તેવા નથી.

* કળશટીકામાં અનુભૂતિને અચલિત કહ્યું છે, એમાં એવો ધ્વનિ છે કે જે અનુભૂતિ થઈ છે તે અપ્રતિહત ધારાવાહી રહેશે, કેવળજ્ઞાન લેશે, વચ્ચે પડશે નહિ એમ જોર બતાવે છે.

* આચાર્યદેવે અમૃતના ઘૂંટડા પીતાં પીતાં આ શક્તિઓનું વર્ણન કર્યું છે. એકવાર મધ્યસ્થ થઈ આવી શક્તિઓનું વર્ણન સાંભળે તો મોટો માનધાતા હોય તોપણ ઢીલો પડી જાય એવી વાત આ શક્તિઓમાં ભરી છે. સમયસારમાં ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે તેમાં દ્રષ્ટિ પ્રધાન કથન હોવાથી નિર્મળ પર્યાય

સહિતના દ્રવ્ય–ગુણને આત્મા ગણ્યો છે રાગને આત્માનો ગણ્યો જ નથી. જ્યારે પ્રવચનસારમાં ૪૭ નયોનું વર્ણન છે તે જ્ઞાન પ્રધાન કથન હોવાથી સાધકને વર્તતો રાગ તે પણ પોતાનું પરિણમન છે તેમ જ્ઞાની જાણે છે તેમ કહ્યું છે. ઉપાદાન – નિમિત્તના દોહા પણ ૪૭ છે ને જ્ઞાનાવરણ–દર્શનાવરણ–મોહનીય–અંતરાય એ ચાર ઘાતી કર્મની પ્રકૃતિઓ પણ ૪૭ છે, એ ૪૭ પ્રકૃતિનો નાશ ૪૭ શક્તિના ( –શક્તિભૂત દ્રવ્યના ) આશ્રયે થાય છે.

* આત્મા સુખસાગર આનંદકંદ જ્ઞાયક સ્વરૂપે છે, એ જ્ઞાનમાત્ર ભાવમાં ક્રમ–અક્રમરૂપ અનંતી શક્તિઓ ઊછળે છે. તેમાં એક જીવત્વનામની શક્તિ છે તેના કારણે જીવ સદા ટકી રહ્યો છે. દશ પ્રાણ જડરૂપ છે. તેના આધારે જીવ જીવતો નથી અને એક સમયની યોગ્યતારૂપ વિકારી ભાવપ્રાણ તે પણ જીવનું સ્વરૂપ નથી, તેના આધારે જીવ જીવતો –ટકતો નથી પણ જીવત્વ શક્તિરૂપ ગુણ છે તેના આધારે જીવ સદા કાળ જીવે છે–ટકે છે. એ જીવત્ત્વશક્તિને ધરનાર દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરતાં જીવત્વશક્તિનું નિર્મળ પરિણમન થાય છે. એ જીવત્વશક્તિ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં વ્યાપે છે. જેમ દરિયામાં ભરતી આવતા પાણીના મોજા ઊછાળા મારે છે તેમ જીવત્વશક્તિ ઉપર દ્રષ્ટિ પડતાં પર્યાયમાં નિર્મળ આનંદ ઊછાળા મારતો પ્રગટ થાય છે. વસ્તુ જ્ઞાનમાત્ર છે તેમાં જીવત્વશક્તિની દ્રષ્ટિ થતાં આનંદ સુખ વીર્ય પ્રભુત્વ વિભુત્વ આદિ અનંતાગુણની નિર્મળ પર્યાય ઊછળે છે –પ્રગટે છે. જીવત્વશક્તિ અનંત શક્તિમાં વ્યાપક છે, જીવત્વશક્તિનું રૂપ અનંત શક્તિમાં છે. એક એક શક્તિ અનંત શક્તિમાં વ્યાપે છે એક એક શક્તિનું અનંત શક્તિમાં રૂપ છે પણ એક શક્તિ બીજી શક્તિનું લક્ષણ નથી. ક્રમવર્તી અને અક્રમવર્તીનો પિંડ તે દ્રવ્ય છે. ક્રમવર્તી તે પર્યાય છે ને અક્રમવર્તી ગુણ–શક્તિ છે. ક્રમવર્તીમાં નિર્મળ પર્યાય જ આવે છે કેમ કે શક્તિ શુદ્ધ છે, તેનું પરિણમન પણ શુદ્ધ–નિર્મળ જ તેમાં આવે, વિકારી પરિણમનને– પર્યાયને અહીં આત્માની ગણવામાં આવતી નથી.

* દયા, દાન, પૂજા આદિના વિકલ્પો છોડે છે, હું રાગવાળો છું એવા વિકલ્પોને પણ છોડે છે ને હું શુદ્ધ છું, એક છું, અબદ્ધ છું, હું પરમાત્મસ્વરૂપ છું એવા નિશ્ચયનયના પક્ષનો વિકલ્પ કરે છે, પણ તેથી શું ? વસ્તુ તો પક્ષાતિક્રાંત છે. નિશ્ચયનયના વિકલ્પનો પક્ષ કરે છે તે ચૈતન્યથી ચ્યુત થઈ ગયો છે. એકરૂપ ચૈતન્યસ્વભાવમાં ભેદ પાડવો, વિકલ્પ ઊઠાવવો, અનેક કલ્પના ઉઠાવવી એ બધો પક્ષપાત છે. શુદ્ધ ચૈતન્યવસ્તુ તો પક્ષપાત રહિત અભેદ આનંદમૂર્તિ

છે, તેનો અનુભવ કરવા યોગ્ય છે. ચૈતન્ય સ્વભાવનો સ્વાદ આવવો એ મૂળ વસ્તુ છે, એ આનંદનો સ્વાદ આવતાં કલ્પના સહજ છૂટી જાય છે.

પ્રશ્નઃ– સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે ને ?

ઉત્તરઃ– સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થવાય છે તેનો અર્થ સવિકલ્પથી નિર્વિકલ્પ થાય છે તેમ નથી પણ નિર્વિકલ્પ થતાં પહેલાં હું શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાયક છું એવા વિકલ્પો આવે છે તેને પણ છોડીને અંદર અભેદ સ્વભાવનો આશ્રય લેતાં નિર્વિકલ્પ થાય છે ત્યારે તેને સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થયો તેમ ઉપચાર આવે છે–ઉપચારથી કહેવાય છે.

પ્રશ્નઃ– સમયસાર ગાથા ૧૩ માં, નવતત્ત્વને ભૂતાર્થથી જાણતાં સમ્યગ્દર્શન થાય છે તેમ કહ્યું છે ત્યાં ભૂતાર્થથી શ્રદ્ધેય કેમ નથી કહ્યું ?

ઉત્તરઃ– જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી તેથી ભૂતાર્થથી જાણેલ તેમ કહ્યું છે, કેમ કે જાણે છે તેની શ્રદ્ધા થાય છે, જાણ્યા વિના શ્રદ્ધા થતી નથી.

પ્રશ્નઃ– જાણવામાં ને શ્રદ્ધવામાં એક જ સમય છે કે સમય ભેદ છે ?

ઉત્તરઃ– એક જ સમયમાં જ્ઞાન–શ્રદ્ધાન સાથે જ છે, છતાં જ્ઞાનને કારણ કહે છે અને શ્રદ્ધાનને કાર્ય કહે છે.

* આત્મામાં એક પ્રભુત્વશક્તિ એવી છે કે જેનો અખંડ પ્રતાપ કોઈ ખંડન કરી શકે નહિ એવી સ્વતંત્રતાથી શોભાયમાન છે–એવી પ્રભુત્વશક્તિનું લક્ષ કરતાં–દ્રષ્ટિ કરતાં પર્યાય પણ અખંડ પ્રતાપથી શોભાયમાન થઈ જાય છે કે જેની પ્રભુતાના પ્રતાપને કોઈ ખંડન કરી શકતું નથી. વ્યવહારથી, રાગથી કે નિમિત્તથી આત્માનું શોભાયમાનપણું નથી, કેમ કે તેમાં તો પરાધીનતા આવે છે, તેથી તેમાં આત્માની શોભા નથી. અહાહા! આ શક્તિઓના વર્ણનમાં એટલી ગંભીરતા ભરી છે કે તેમાંથી બહાર નીકળવું પાલવતું નથી –એવા ઊંડા ભાવો આચાર્યદેવે ભર્યા છે. આ પ્રભુત્વશક્તિ સત્ છે, સત્ત્વ છે, કસ છે, તે દ્રવ્ય–ગુણ–પર્યાયમાં વ્યાપે છે. પર્યાયમાં પ્રભુત્વશક્તિ હોવા છતાં પર્યાય આઘી–પાછી કે આડી–અવળી થઈ શકતી નથી પણ ક્રમબદ્ધ થાય છે. આત્મામાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ નામની એક શક્તિ છે તેના લઈને પર્યાય ક્રમરૂપ ઉત્પન્ન થાય છે, જે પર્યાય જે ક્રમે ઉત્પન્ન થવાવાળી છે તે જ ક્રમે ઉત્પન્ન થાય છે.

પ્રશ્નઃ– દશીશક્તિ અને જ્ઞાનશક્તિ તથા સર્વ દશીશક્તિ અને સર્વજ્ઞશક્તિમાં શું ફેર છે ?

ઉત્તરઃ– દશીશક્તિમાં સર્વદશીશક્તિ ગર્ભિત છે અને જ્ઞાનશક્તિમાં સર્વજ્ઞશક્તિ ગર્ભિત છે, ચૈતન્ય શક્તિમાં દશી અને જ્ઞાન બન્ને શક્તિ ગર્ભિત છે.

* આત્મામાં અનંત શક્તિઓ છે, તેમાં

ભાવ નામની એક શક્તિ છે. તે ભાવ શક્તિના કારણે નિર્મળ પર્યાય હોય જ છે. શક્તિઓના ભંડાર એવા આત્મા ઉપર દ્રષ્ટિ પડતાં નિર્મળ પર્યાય પ્રગટે છે. સમ્યગ્દ્રષ્ટિને અનંતગુણની નિર્મળ પર્યાય ભાવશક્તિના કારણે વિદ્યમાન હોય છે, કરવી પડતી નથી. આનંદ ગુણની આનંદ પર્યાય, જ્ઞાનગુણની જ્ઞાન પર્યાય, વીર્યગુણની વીર્ય પર્યાય, શ્રદ્ધા ગુણની શ્રદ્ધા પર્યાય, ચારિત્રગુણની ચારિત્ર પર્યાય, પ્રભુત્વ-વિભુત્વ ગુણોની પ્રભુત્વ-વિભુત્વ પર્યાય એમ અનંતા ગુણની અનંત પર્યાય ભાવશક્તિના કારણે વિદ્યમાન હોય જ છે, કરવી પડતી નથી. શક્તિવાન દ્રવ્ય ઉપર દ્રષ્ટિ પડતાં શક્તિનું પરિણમન નિર્મળ હોય જ છે તેને સમ્યગ્દ્રષ્ટિ જાણે છે-અનુભવે છે.

પ્રશ્નઃ- ૩૦ મી ભાવશક્તિ અને ૩૯ મી ભાવશક્તિમાં શું તફાવત છે?

ઉત્તરઃ- ૩૦ મી ભાવશક્તિના કારણે નિર્મળ પરિણામ વિદ્યમાન હોય જ એમ કહ્યું છે અને ૩૯ મી ભાવશક્તિમાં વિકારના પરિણામનો અભાવરૂપ ભાવ-પરિણામ હોય છે એટલે કે ૩૯ મી ભાવશક્તિના કારણે વિકારી પરિણામના અભાવરૂપ ભાવ હોય છે તેમ કહ્યું છે.

* આત્મામાં અભાવભાવ નામની એક શક્તિ છે તેના કારણે અલ્પજ્ઞતાનો અભાવ થઈને વિશેષ જ્ઞાનનો ભાવ પ્રગટ થશે. ક્ષયોપશમ સમકિતમાંથી ક્ષાયિક સમકિત થાય છે તે ભગવાનની સમીપ ગયો માટે થાય છે તેમ નથી પણ અભાવનો ભાવ અભાવભાવ ગુણના કારણે થાય છે. ચોથે પાંચમે ગુણસ્થાને આનંદ ઓછો હોય છે ને સાતમે વિશેષ આનંદ આવે તે કર્મના અભાવથી વધુ આનંદ આવે છે તેમ નથી પણ આનંદ ગુણમાં અભાવભાવ શક્તિનું રૂપ છે તેના કારણે વિશેષ આનંદનો ભાવ થાય છે-એમ ઓછા વીર્યમાંથી વિશેષ વીર્ય વિગેરે બધા ગુણોનું સમજવું.

* એક એક ગુણનું પરિણમન સ્વતંત્ર સીધું થતું નથી પણ અનંતગુણમય દ્રવ્યનું પરિણમન થતાં સાથે ગુણોનું પરિણમન થાય છે. એક એક ગુણ ઉપર દ્રષ્ટિ મુકતાં ગુણ પરિણમતો નથી પણ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ મુકતાં અનંતગુણનું નિર્મળ પરિણમન થાય છે-એમ કહીને ગુણભેદ ઉપરની દ્રષ્ટિ છોડીને અનંત ગુણમય દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરતાં દ્રવ્ય શુદ્ધરૂપે પરિણમે છે એમ કહ્યું.

* ધ્રુવને ધ્યાનમાં લે! પર્યાયનો શેઠ ધ્રુવને બનાવ! શુદ્ધપર્યાય ક્ષણેક્ષણે નાશ થવા છતાં ધ્રુવપણામય અપાદાન શક્તિના કારણે એવીને એવી ઉત્પન્ન થયા જ કરે છે. ઉત્પાદ-વ્યયથી આલિંગિત ભાવનો નાશ થવા છતાં નિર્મળ ભાવ-પર્યાય

નાશ થતી નથી પણ ધ્રુવપણામય અપદાન શક્તિના કારણે સદાય એવીને એવી થયા જ કરે છે. બીજી રીતે કહીએ તો ધ્રુવ ઉપર દ્રષ્ટિ પડતાં જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ છે તે અપાદાન શક્તિના કારણે સદાય એવીને એવી રહે છે, નાશ પામતી નથી. ક્ષણિક પર્યાય નાશ થવા છતાં ધ્રુવ ઉપાદન શક્તિના કારણે બીજી નિર્મળ પર્યાય તૈયાર જ છે તેથી કદી નાશ થતી નથી તેમ કહ્યું છે.

* કોઈ ઠેકાણે વિકારી પર્યાયને લક્ષણ કહીને દ્રવ્યને ઓળખાવ્યું છે, વિકારી પર્યાયનો આશ્રય દ્રવ્ય છે તેમ કહ્યું છે અને સમયસારના સંવર અધિકારમાં જાણનક્રિયારૂપ જ્ઞાનની નિર્મળ પર્યાયને આધાર કહી દ્રવ્યને આધેય કહ્યું છે. અહીં શક્તિઓના વર્ણનમાં ૪૬મી અધિકરણ શક્તિમાં સમ્યગ્દર્શનની પર્યાય તે ભાવ્યમાન ભાવ છે ને તેનો આધાર અધિકરણશક્તિ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિની નિર્મળ પર્યાય છે તે અધિકરણ શક્તિના આધારે ઉત્પન્ન થાય છે. જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણમાં અધિકરણ શક્તિનું રૂપ છે તેના આધારે જ્ઞાન-દર્શન આદિની નિર્મળ પર્યાયો ઉત્પન્ન થાય છે પણ દેવ-ગુરુના આધારે સમ્યગ્દર્શન-જ્ઞાન ઉત્પન્ન થતાં નથી. અધિકરણશક્તિ અનંતગુણમાં વ્યાપે છે તેથી અનંતગુણોમાં અધિકરણશક્તિનું રૂપ પડયું છે તેના આધારે અનંત ગુણની નિર્મળ પર્યાય પ્રગટે છે.

પ્રશ્નઃ– આત્મામાં અનંત શક્તિઓ છે તો ૪૭ શક્તિઓનું જ વર્ણન કેમ કર્યું છે?

ઉત્તર :– અનંત શક્તિઓનું વર્ણન ન થઈ શકે. અનંત શક્તિઓનું વર્ણન અનંત ભવે પણ ન થઈ શકે તેથી મુખ્ય અમુક શક્તિઓનું વર્ણન કર્યું છે.

પ્રશ્નઃ– કાર્ય પર્યાય શેમાંથી પ્રગટે છે?

ઉત્તરઃ– કાર્યપર્યાય દ્રવ્ય-ગુણમાંથી પ્રગટે છે અને એ પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાય પર્યાયથી પ્રગટે છે, પર્યાયનું કારણ પર્યાય પોતે છે, દ્રવ્ય-ગુણ પણ પર્યાયનું કારણ નથી. જો દ્રવ્ય - ગુણ કારણ હોય તો તેનું કાર્ય સદાય દ્રવ્ય-ગુણ જેવું નિર્મળ જ હોવું જોઈએ. પણ તેમ બનતું નથી, તેથી પર્યાયનું કારણ પર્યાય છે, પર્યાયની સત્તા પર્યાય છે, પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાય છે વિગેરે ચિદ્વિલાસમાં લીધું છે.

પ્રશ્નઃ– શુભભાવ તો બંધનું કારણ છે ને?

ઉત્તરઃ– શુભભાવ બંધનું કારણ હોવા છતાં, અંદર સ્થિર ન થઈ શકાય ત્યારે શુભરાગ આવે છે, હોય છે. અશુભની અપેક્ષાએ વ્યવહારથી તેને ભલો પણ કહેવાય. અંદરમાં સ્થિર થઈ શકે નહિ અને શુભમાં આવે નહિ એનો અર્થ શું? હઠ કરવા જાય તો જ્ઞાનનો વિવેક પણ ક્યાં રહ્યો?

પ્રશ્નઃ– એક ગુણનું બીજા ગુણોમાં રૂપ આવે છે, જ્ઞાનમાં અસ્તિત્વનું રૂપ આવે છે, એટલે શું ?

ઉત્તરઃ– જ્ઞાન છે તેમાં જ્ઞાનનું છે....છે....એમ હોવાપણું આવે છે તે જ્ઞાનગુણમાં અસ્તિત્વગુણનું રૂપ બતાવે છે. એ રીતે જ્ઞાનની જેમ દરેક ગુણોમાં અસ્તિત્વનું રૂપ આવે છે. જ્ઞાન આદિ બધા ગુણો પ્રમેય થાય છે તે પ્રમેયત્વ ગુણનું રૂપ બધા ગુણોમાં બતાવે છે. જ્ઞાનનું પરિણમન થાય છે તે દ્રવ્યત્વગુણનું રૂપ બતાવે છે. તેમ અનંતાગુણનું રૂપ એક જ્ઞાનગુણમાં આવે છે, એક ગુણમાં અનંતાગુણનું રૂપ આવે છે, પણ એક ગુણમાં બીજા ગુણનું લક્ષણ આવતું નથી.

પ્રશ્નઃ– દયા–દાન–પંચમહાવ્રત આદિના શુભરાગને ચૈતન્યસ્વભાવથી ભિન્ન કહ્યાં તો તે વસ્તુરૂપ છે કે અવસ્તુ છે ?

ઉત્તરઃ– આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, તેના સ્વભાવમાં જ્ઞાન ને આનંદ ભર્યા છે પણ તેના સ્વભાવમાં પુણ્ય–પાપના ભાવ નથી તેથી તે ભાવો અવસ્તુ રૂપ છે, અસત્ છે, અજીવના સંબંધવાળા છે, સ્વભાવમાં તેનો અભાવ છે, શુદ્ધ સ્વરૂપના અનુભવશીલને તે ભાવો દ્રષ્ટિ ગોચર થતાં નથી, તેથી તેને ચૈતન્યથી ભિન્ન કહ્યાં છે.

પ્રશ્નઃ– જ્ઞાન વિભાવરૂપ પરિણમે છે ?

ઉત્તરઃ– જ્ઞાનમાં વિભાવરૂપ પરિણમન નથી, જ્ઞાન સ્વપર–પ્રકાશક સ્વભાવી છે પણ જે જ્ઞાન સ્વને પ્રકાશે નહિ ને એકલા પરને પ્રકાશે તે જ્ઞાન વિપરીત છે.

પ્રશ્નઃ– મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાન વિપરીત કહેવાય છે ?

ઉત્તરઃ– મિથ્યા શ્રદ્ધાના કારણે જ્ઞાનને વિપરીત કહેવું એ તો નિમિત્તથી કથન થયું, જ્ઞાન સ્વપરપ્રકાશક હોવા છતાં સ્વને પ્રકાશતું નથી તે જ્ઞાનનો પોતાનો દોષ છે.

* એક તો એ વાત છે કે સંસારમાં સ્ત્રી પુત્ર–ધંધા માટે રોકાઈને પોતાનું બગાડે છે તે મોટું નુકશાન કરે છે અને બીજો ધર્મમાં આવે છે તો ધર્મને બહાને વ્રત–તપ આદિ શુભભાવ છે તેમાં ધર્મ માને છે, શુભમાં ધર્મ માનીને મિથ્યાત્વના મોટા પાપને સેવે છે ને ભવને બગાડે છે. ભાઈ ! ક્ષણમાં દેહ છૂટી જશે માટે તારા હિતનો ઉપાય કરી લે !

પ્રશ્નઃ– અગીયાર અંગના જ્ઞાનવાળા દ્રવ્યલિંગી મુનિને પુણ્યની રુચિ કેમ રહે છે? તેને પુણ્યભાવ હેય છે તેમ ખ્યાલમાં તો છે ?

ઉત્તરઃ– અગીયાર અંગધારી જ્ઞાનવાળાને ધારણાજ્ઞાનમાં બધુ ખ્યાલમાં છે પરંતુ એની રુચિ રાગમાં રહી જાય છે. જાણપણામાં બધો ખ્યાલ છે તોપણ ધારણા જ્ઞાનમાં અને કષાયની મંદતામાં સંતુષ્ટ

રહેવાથી રાગ ઉપરથી દૃષ્ટિ ખસીને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિનું જોર જતું નથી.

* શાસ્ત્રમાં આવે છે કે ભગવાનની ભક્તિથી જન્માવલીનો નાશ થાય છે, બીજી બાજુ કહે છે કે પરદ્રવ્યના લક્ષે દુર્ગતિ થાય છે. એક બાજુ કહે છે કે જિન બિમ્બના દર્શનથી સમ્યગ્દર્શન થાય છે, બીજી બાજુ કહે છે કે નિજ આત્મદર્શનથી જ સમ્યગ્દર્શન થાય છે. જ્ઞાનની પર્યાય પર તરફનું લક્ષ છોડી અંદર સ્વતરફ વળતાં જાણનાર.....જાણનાર....તરફ પર્યાય ઢળે છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. ભગવાનની ભક્તિથી જન્માવલી નાશ પામે છે ને સમ્યગ્દર્શન થાય છે તે વ્યવહારના વચન છે, તેને જ જે પકડે છે તે જીવ વ્યવહારને પણ સમજતો નથી તેથી ભગવાન તેને મૂઢ કહે છે.

પ્રશ્નઃ– પરદ્રવ્ય આત્માને કાંઈ કરતું નથી તો અરિહંત ભગવાન આયુષ્ય કર્મના કારણે સંસારમાં રહ્યાં છે ને ?

ઉત્તરઃ– પરદ્રવ્ય આત્માને રોકતું નથી. અરિહંત ભગવાન સંસારમાં રહ્યાં છે તે પોતાની પર્યાયની યોગ્યતાથી રહ્યાં છે, અસિદ્ધત્વ પર્યાયની યોગ્યતાથી સંસારમાં રહ્યા છે, આયુકર્મ તો નિમિત્તપાત્ર છે.

* એક વસ્તુને બીજી વસ્તુ સાથે કાંઈ જ સંબંધ નથી, દરેક પદાર્થ સ્વતંત્ર છે, કોઈ પદાર્થ અન્ય પદાર્થનું કાંઈ જ કરી શકતો નથી. આવા વસ્તુસ્વભાવના નિયમને જે જાણતાં નથી તેઓ બિચારા છે–રાંકા છે, ભલે તે મોટા રાજા હોય કે સ્વર્ગના દેવ હોય. જ્ઞાન ને આનંદ તે વસ્તુનો સ્વભાવ છે, સંપદા છે, તેને નહિ જાણનાર બધા "વરાકા" છે એટલે કે રાંકા છે–ભિખારી છે–બિચારા છે. પોતાની સંપદાથી અજ્ઞાત જીવના પુરુષાર્થનું તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું હોવાથી તે મિથ્યાદૃષ્ટિ છે.

પ્રશ્નઃ– સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે છે તેમાં તે વખતે ઉદાસીન છે કે શુભભાવથી ખસીને આત્મામાં જાય તે ઉદાસીનતા છે ?

ઉત્તરઃ– સમ્યગ્દૃષ્ટિને શુભભાવ આવે છે કે તેમાં તે વખતે ઉદાસીન છે અને તેમાંથી ખસીને આત્મામાં જાય તે તો વીતરાગતા છે જ પણ શુભભાવ વખતે પણ ઉદાસીન છે.

પ્રશ્નઃ– આત્માનો પક્ષ કર્યાં વિના અંદર જવાય કેમ ?

ઉત્તરઃ– પ્રથમ આત્માના પક્ષનો વિકલ્પ આવે છે, હોય છે, તોપણ એ પક્ષનો વિકલ્પ છે ત્યાં સુધી આત્મામાં જવાતું નથી. સ્વનો આશ્રય કરતાં તે વિકલ્પ ભિન્ન રહી જાય છે. મોંઘું પડે પણ આ મૂળ રીત છે. જ્યાંસુધી નિશ્ચયનયના પક્ષનો વિકલ્પ છે ત્યાં સુધી સ્વનો આશ્રય થતો નથી. વિકલ્પ છોડે છે ત્યારે પક્ષાતિક્રાંત થાય છે.

પ્રશ્નઃ– સમ્યગ્દર્શન થયા પછી વિકારભાવ તે દુઃખરૂપ છે તેમ ખરો ખ્યાલ આવે ને ?

ઉત્તરઃ– સમ્યગ્દર્શન થયા પછી વિકારનું દુઃખ ખરેખર ભાસે છે, પણ તે પહેલાં પણ પર તરફ વલણ જાય છે તેમાં આકુળતા થાય છે–એટલો તો જિજ્ઞાસુને ખ્યાલ આવે છે, તેથી તે વિકારથી ખસીને સ્વભાવ તરફ વળે છે.

પ્રશ્નઃ– વિકાર દુશ્મન છે કે જ્ઞેય છે ?

ઉત્તરઃ– વિકાર જ્ઞેય છે, અનિષ્ટરૂપ જ્ઞેય છે. વિકારને કલશ–ટીકામાં દુષ્ટ, અનિષ્ટ ને ઘાતક કહ્યો છે, દુષ્ટ પુરુષના મેળાપ સમાન કહ્યો છે.

પ્રશ્નઃ– સમ્યગ્દર્શન થયા પછી આ તત્ત્વની બધી વાત સમજવામાં આવે કે પહેલા પણ આવે ?

ઉત્તરઃ– સમ્યગ્દર્શન થયા પહેલાં પ્રયોજનભૂત નવતત્ત્વની બધી વાત લક્ષમાં આવે છે પછી અનુભવ થાય છે. વસ્તુનું સ્વરૂપ શું છે, મુનિપણું ને કેવળજ્ઞાન શું છે, હું કોણ છું, વિગેરે નવતત્ત્વનું ભિન્ન ભિન્ન સ્વરૂપ જે રીતે છે તે રીતે પહેલા લક્ષમાં આવે પછી અનુભવ થાય છે.

પ્રશ્નઃ– સમ્યગ્દર્શન થતાં આત્માના આનંદનો અનુભવ થાય છે તેવા આનંદનો અનુભવ ફરીને થાય ?

ઉત્તરઃ– લબ્ધરૂપ અનુભવ તો સદાય હોય છે ને ઉપયોગરૂપ આનંદનો અનુભવ પણ કોઈ કોઈ વખતે મહિને બે મહિને થાય, કોઈને આઠ પંદર દિવસે થાય, કોઈને એક દિનમાં પણ થાય કોઈને વાર પણ લાગે, તેનો કોઈ નિયમ નથી.

પ્રશ્નઃ– એક ભવમાં ઉપશમ સમ્યક્ કેટલી વાર થાય ?

ઉત્તરઃ– ઉપશમ સમ્યક્ એક ભવમાં બે વખત આવી શકે અને અર્ધપુદ્ગલ પરાવર્તનમાં પાંચ વખત આવે તથા ક્ષયોપશમ સમ્યક્ કોઈને અસંખ્યવાર આવી શકે છે.

પ્રશ્નઃ– તિર્યંચને ઝાઝુ જ્ઞાન નથી છતાં સમ્યગ્દર્શન કેમ થાય છે ?

ઉત્તરઃ– એ પણ આત્મા છે ને ! સાતમી નરકના નારકીને પણ સમ્યગ્દર્શન થાય છે. સર્વજ્ઞ સર્વદર્શી શક્તિથી ભરેલો આત્મા છે, હું જ્ઞાનાનંદનો સાગર છું–એવું લક્ષ કરીને અંદરમાં ઊતરી જાય છે, ત્રિલોકમંડન હાથીને તેમ જ સિંહ આદિ અનેક તિર્યંચોને સમ્યગ્દર્શન થાય છે.

પ્રશ્નઃ– સમ્યગ્દર્શનનું મહાત્મ્ય ઘણું ઘણું કરવામાં આવે છે તેનું શું કારણ ?

ઉત્તરઃ– સમ્યગ્દર્શનમાં પૂર્ણ પરમાત્મા પ્રતીતિમાં આવી ગયા છે, એના મહાત્મ્યનું શું કહેવું ! પૂર્ણ પ્રભુ પ્રતીતિમાં આવી ગયા છે પછી બાકી શું રહ્યું ?

( મંગળ મહોત્સવ : અનુસંધાન પેજ ૮ થી ચાલુ )

વાદનથી તથા પ્રસંગોચિત સુમધુરાં મંગલ ગીતોના હૃદ્યે ગુંજાવરથી ગુંજતું હતું. આશ્રમ તથા ધર્માયતનો પર સજાયેલો વિવિધરંગી વિદ્યુતશણગાર આ મંગલ ઉત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરતો હતો.

પૂનમના દિવસે સવારે પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મરસનિર્ઝરતા પ્રવચન પછી સર્વ પ્રથમ પૂજ્ય બહેનશ્રીની ભાણેજી પોરબંદરનિવાસી કુમારિકા શ્રી ભારતીબેન મણિલાલ શાહને આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા આપવાની વિધિ થઈ હતી. ત્યાર બાદ 'બહેનશ્રીનાં વચનામૃત' નામના અધ્યાત્મતત્ત્વસ્પર્શી અમૂલ્ય પુસ્તકના પ્રકાશનની મંગળ વિધિ માનનીય પ્રમુખ સાહેબ શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના શુભ હસ્તે થઈ હતી.

શ્રાવણ વદ બીજના–જન્મજયંતીના–મંગલ દિને વહેલા પ્રભાતમાં આનંદભેરી સાથ જન્મવધાઈનાં સુમધુર ગીતોથી, જયકારના ગગનભેદી નાદોથી તથા પૂજ્ય બહેનશ્રીનાં પાવન દર્શનાર્થે ઊમટેલા મહિલાસમુદાયના ધસારાથી આશ્રમનું વાતાવરણ આનંદવિભોર થઈ ગયું હતું.

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સવારના પ્રવચનમાં બહેનશ્રી પધાર્યા ત્યારે બેન્ડ વાજાંના મધુરા સુરથી તથા નભોવ્યાપી જયકારના નાદોથી સમગ્ર સમાજે તેમના પ્રતિ ભક્તિપ્રેરિત સમાદર વ્યક્ત કર્યો હતો. તે શુભ પ્રસંગે રાજકોટનિવાસી શ્રી મરઘાબેન ધીરજલાલ શાહના પરિવારે, પ્રશમઝરતી ગંભીર મુદ્રાયુક્ત બહેનશ્રીને તેમના ભવ્ય લલાટમાં કેસરનું તિલક તથા હાર પહેરાવવાની વિધિ કરી, હીરાથી વધાવ્યા હતા. એ રીતે પૂજ્ય ગુરુદેવના મંગલ સાન્નિધ્યમાં વિશાળ મુમુક્ષુસમુદાયની ઉપસ્થિતિમાં પૂજ્ય બહેનશ્રીનું અતિ ભાવપૂર્ણ બહુમાન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય પ્રસંગ અદ્‌ભુત તેમ જ આહ્‌લાદકારી હતો. તે પ્રસંગની પૂજ્ય બહેનશ્રીની શમરસસ્યંદી ઉદાસીન નિસ્પૃહ મુદ્રાને પૂજ્ય ગુરુદેવ પણ અહોભાવથી જોઈ રહ્યા હતા. તેમની અત્યંત નિસ્પૃહ ઉદાસીન મુદ્રાને જોઈ ને પૂ. ગુરુદેવ બોલ્યા કે, ચંપાબેન ખરેખર અજોડ ધર્મરત્ન છે, તે તો અંદરથી સાવ ઉદાસ છે, તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી, પણ લોકોને તો ભક્તિપ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને !

પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાની વિધિ બાદ છીંદવાડા ( મધ્યપ્રદેશ ) નિવાસી અ. સૌ. શ્રી કુસુમલતાબેન પાટનીએ પૂજ્ય બહેનશ્રીના ગુણાનુવાદ તથા ઉપકારોને અભિનંદતું જન્મજયંતીને અનુરૂપ સુંદર ભાષણ કર્યું હતું. રાજકોટનિવાસી શ્રી મરઘાબેને પણ આ પ્રસંગે પૂ. બહેનશ્રીના ઉપકારગાનથી પોતાની હૃદયોર્મિઓ વ્યક્ત કરી હતી.

શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવના અદ્‌ભુત મહિમાથી રસબસતા પૂજ્ય ગુરુદેવના પ્રવચન પછી માનનીય શ્રી ખીમચંદભાઈ શેઠ, શ્રી લાલચંદભાઈ મોદી તા મુનઈવાળા (ગુજરાત) શ્રી મણિલાલભાઈએ પોતાનાં સંક્ષિપ્ત ભાષણમાં પૂજ્ય બહેનશ્રી પતિ શ્રદ્ધાભક્તિ વ્યક્ત કરી હતી.

પૂ. બહેનશ્રીના બહુમાનના પ્રસંગનું મનોહારી દ્રશ્ય જોઈ મુમુક્ષુઓનાં હૈયા આનંદથી નાચતાં હતાં. સૌનાં હૃદયો ભક્તિઊર્મિથી ઉભરાતાં હતાં. આજના મંગલ દિવસના વિભિન્ન પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખથી નીકળતાં બહેનશ્રીની આધ્યાત્મિકમહિમા બતાવનારાં ઊર્મિભર્યાં વચનો મુમુક્ષુસમાજના આનંદોલ્લાસમાં અભિવૃદ્ધિ કરતાં હતાં.

જન્મજયંતીની ખુશાલીમાં '૬૪' આંકના એકમથી રૂા. ૫૬૦૦૦ ઉપરાંતની રકમો જ્ઞાનપ્રચાર ખાતે જાહેર થઈ હતી. આ ત્રિદિવસીય મંગલ ઉત્સવની ખુશાલીમાં શ્રી કમળાબેન રામજી મોટાણી તરફથી 'આત્મધર્મ' ના લવાજમની કિંમત રૂા. ૯/- ને બદલે રૂા. ૬/- તથા સંસ્થા દ્વારા પ્રકાશિત સાહિત્યની અર્ધી કિંમત રાખવામાં આવી હતી.

પૂજ્ય બહેનશ્રીના ઘરે કૃપાળુ ગુરુદેવના આહારના આહ્‌લાદકારી પ્રસંગ પછી, ગોગીદેવી બ્ર. આશ્રમના મનફૂલા-સ્વાધ્યાય-ભવનના ચોકમાં સમસ્ત મુમુક્ષુમંડળ તથા મહેમાનો પૂ. બહેનશ્રીના દર્શન કરવા-અભિવાદન કરવા આવ્યાં હતાં. આત્માર્થબોધક કંઈક મંગળ વચનો સંભળાવવાની પ્રાર્થના થતાં બહેનશ્રીએ પૂજ્ય ગુરુદેવનો ઉપકાર મહિમા વ્યક્ત કરીને આત્મ-આરાધના-જ્ઞાયકભાવ, અકર્તાસ્વભાવ-વિષે આત્મસ્પર્શી શબ્દોમાં થોડું બોલ્યા હતા.

ત્રણ દિવસના આ માંગલિક ઉત્સવ દરમિયાન શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન ભજન મંડળી, -ઘાટકોપર દ્વારા બે વૈરાગ્યપ્રેરક નાટક રજુ થયા હતાં, તેમ જ શ્રી ટોડરમલ દિ. જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ પંડિત શ્રી ટોડરમલ્લજીના જીવનનો એક પ્રસંગ સંસ્કૃત ભાષામાં નાટકરૂપે રજુ કર્યો હતો.

આ જન્મોત્સવની ખુશાલીમાં પૂનમના દિને સ્વ. શ્રી હેમકુંવરબેન કામાણી તથા જયંતીના દિને શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા તરફથી જમણ રાખવામાં આવ્યું હતું.

જન્મજયંતીના રોજ રાત્રે મહિલા-મુમુક્ષુસમાજમાં પૂજ્ય બહેનશ્રીનું અધ્યાત્મરસ ઝરતું સુંદર વાંચન થયું હતું. ત્યારબાદ બ્રહ્મચારી બહેનો તથા અન્ય મુમુક્ષુ બહેનો દ્વારા પ્રસ્તુત બહેનશ્રીના જીવનના કેટલાક વિવિધ પ્રસંગો વિષેનું ભાવવાહી ભક્તિ-રૂપક તથા પ્રસંગોદ્યોતક ભક્તિગીતો ઇત્યાદિપૂર્વક આ આનંદકારી મંગલ મહોત્સવ સમાપ્ત થયો હતો.

આ રીતે ભક્તહૃદયોના માનસપટ પર આહ્‌લાદકારી સંસ્મરણો અંકિત કરતો આ જન્મજયંતી-ઉત્સવ સુવર્ણપુરીમાં જયજયકારપૂર્વક ઉજવાયો હતો.

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ ( ગતાંકથી ચાલુ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૯૭ | શ્રી અમૃતલાલ ભુરાભાઈ શાહ | રાજકોટ | ૨૪ | શ્રી રમણલાલ ભોળાભાઈ શાહ | ગાંધીનગર |
| ૯૮ | ,, બીપીનચંદ્ર પી. કામદાર | રાજકોટ | ૨૫ | ,, ધરમચંદ હીરાચંદ શાહ | ચોરીવાડ |
| ૯૯ | ,, અરવીંદકુમાર જયંતીલાલ | ગોંડલ | ૨૬ | ,,કોરડીયા મણીલાલ બબાભાઈ | હીંમતનગર |
| ૫૦૦ | શ્રીમતી જ્યોતિબેન દીનેશચંદ્ર | પૂના | ૨૭ | શ્રી મોહનલાલ કેશવલાલ ગાંધી | તલોદ |
| ૧ | શ્રી દીલીપ ચીમનલાલ સોગઠી | જલગાંવ | ૨૮ | ,, નગીનદાસ કચરાલાલ શાહ | મુંબઈ |
| ૨ | શ્રીમતી રશ્મીકાબેન કુમારપાળ | અંકલેશ્વર | ૨૯ | ,, મીઠાલાલ જગજીવન ગાંધી | સોનાસણ |
| ૩ | શ્રી મીઠાલાલ મગનલાલ ગાંધી | પ્રાંતિજ | ૩૦ | ,, રમણલાલ માણેકલાલ શાહ | પાટણ |
| ૪ | ,, પોપટલાલ કેશવલાલ મહેતા | મુંબઈ | ૩૧ | ,,ગાંધી કાંતીલાલ મફતલાલ | તલોદ |
| ૫ | ,, રણછોડલાલ માધવલાલ પટેલ | અમદાવાદ | ૩૨ | શ્રી પોપટલાલ જીવરાજ શાહ | ઓરાણ |
| ૬ | ,, સરૈયા વિજયકુમાર હીરાલાલ | દાહોદ | ૩૩ | ,, દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ | દાદર |
| ૭ | ,, ચંદ્રકાંત જવાહરલાલ બોબડા | દાહોદ | ૩૪ | ,, નાનાલાલ વલ્લભદાસ ગાંધી | ધોરાજી |
| ૮ | ,, શાહ કાંતીલાલ દલુચંદ | સાખલી | ૩૫ | ,, હીરાલાલ રૂપચંદ મહેતા | બોરીવલી |
| ૯ | ,, કચરાલાલ દલુચંદ શાહ | સાબલી | ૩૬ | ,, અનંતરાય હરગોવિંદ શાહ | બેંગલોર |
| ૫૧૦ | શ્રી મીઠાલાલ બબાલાલ | કલોલ | ૩૭ | શ્રીમતી સરલાબેન એચ. દોશી | વીલેપાર્લા |
| ૧૧ | ,, મહેતા કાંતીલાલ સોમચંદ | ઝીંઝવા | ૩૮ | ,, મધુકરભાઈ સી. શાહ | હોંગકોંગ |
| ૧૨ | ,, રમણલાલ નેમચંદ શાહ | હીંમતનગર | ૩૯ | ,, બાબુભાઈ ગોપાલદાસ શાહ | અમદાવાદ |
| ૧૩ | ,, સોમચંદ લલુભાઈ શાહ | સુરત | ૫૪૦ | શ્રીમતી ચંદ્રા લાખાણી | કલકત્તા |
| ૧૪ | ,, શહેરી છોટાલાલ કચરાલાલ | અમદાવાદ | ૪૧ | કુમાર જ્યોત્સનાબેન | કલકત્તા |
| ૧૫ | શ્રી પ્રવીણકુમાર નેમચંદ શાહ | અમદાવાદ | ૪૨ | શ્રીમતી વિમલાબેન | કલકત્તા |
| ૧૬ | ,, છનાલાલ ચકુભાઈ શાહ | મુંબઈ | ૪૩ | શ્રી પીયુષ જૈન | કલકત્તા |
| ૧૭ | ,,શાહ જેઠાલાલ હીરાચંદ | ચોરીવાડ | ૪૪ | શ્રીમતી ઉષાબેન એમ. બાવીસી | ઘાટકોપર |
| ૧૮ | ,,મહેતા અંબાલાલ ભીખાભાઈ | મુંબઈ | ૪૫ | શ્રી લાલચંદભાઈ અમરચંદભાઈ | મુંબઈ |
| ૧૯ | ,,શાહ હીરાચંદ ભાયચંદ | ગૌરલ | ૪૬ | ,, ચંપકલાલ નાગરદાસ મોદી | માટુંગા |
| ૫૨૦ | ,,શાહ વસંતલાલ મગનલાલ | ચોરીવાડ | ૪૭ | શ્રી મણીલાલ શામલદાસ શાહ | ગોધરા |
| ૨૧ | શ્રી કાંતીભાઈ લીલાચંદ મહેતા | અમદાવાદ | ૪૮ | ,, બાબુલાલ મૂળશંકર શાહ | પૂના |
| ૨૨ | શ્રી મહારાષ્ટ્ર ભાંડી ભંડાર | ભીવંડી | ૪૯ | ,, મનુભાઈ હરિલાલ વખારીયા | અમદાવાદ |
| ૨૩ | દોશી મીઠાલાલ મગનલાલ | હીંમતનગર | | **આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧-૦૦** | ( ક્રમશઃ ) |

## પર્યુષણપર્વ નિમિત્તે પ્રવચન, તત્ત્વચર્ચા તથા ધર્મ-પ્રભાવનાર્થે

### જુદા જુદા સ્થળે ગયેલા

# વાંચનકારોની નામાવલિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | પં. શ્રી લાલચંદભાઈ અમરચંદ મોદી | દાદર | ૨૫. | પં. શ્રી હેમચંદજી પિપલાની | હૈદ્રાબાદ |
| ૨. | ,, ,, બાબુભાઈ ચુનીલાલ મહેતા | જબલપુર | ૨૬. | ,, ,, સુશીલકુમારજી | ફિરોજાબાદ |
| ૩. | ,, ,, ડો. હુકમચંદજી ભારિલ્લ | મેરઠ | ૨૭. | ,, ,, કપૂરચંદજી કેસલીવાળા | ગુના |
| ૪. | ,, ,, હિંમતભાઈ છોટાલાલ જોબાળિયા | ભિંડ | ૨૮. | ,, ,, પન્નાલાલજી કરેલીવાળા | દમોહ |
| ૫. | ,, ,, નેમીચંદજી પાટની | અશોકનગર | ૨૯. | ,, ,, મહેન્દ્રકુમારજી બરાયઠાવાળા | મહીદપુર |
| ૬. | ,, ,, ધન્નાલાલજી ગ્વાલિયરવાળા | લલિતપુર | ૩૦. | ,, ,, વિજયકુમારજી બરાયઠાવાળા | સનાવદ |
| ૭. | ,, ,, જ્ઞાનચંદજી જૈન વિદિશાવાળા | છિંદવાડા | ૩૧ | ,, ,, મધુકરજી જલગાંવવાળા | વિદિશા |
| ૮. | ,, ,, રતનચંદજી શાસ્ત્રી | આગરા | ૩૨. | ,, ,, ભાનુકુમારજી લલિતપુર | ખનિયાધાના |
| ૯. | ,, ,, નેમીચંદભાઈ વેણીચંદ શાહ | અમદાવાદ | ૩૩. | ,, ,, કૈલાસચંદજી લલિતપુરવાળા | હિંમતનગર |
| ૧૦. | ,, ,, ઉત્તમચંદજી સિવની | ભૂલેશ્વર-મુંબઈ | ૩૪. | ,, ,, મનુભાઈ પી. શેઠ બેંગલોરવાળા | બોટાદ |
| ૧૧. | ,, ,, પ્રકાશચંદજી હિતૈષી | એટા | ૩૫. | ,, ,, અમોલકચંદજી બન્ધુ | ફત્તેપુર |
| ૧૨. | ,, ,, દેવીલાલજી ઉદયપુરવાળા | મલકાપુર | ૩૬. | ,, ,, રમેશચંદજી લલિતપુર | જાંબુડી |
| ૧૩. | ,, ,, જવાહરલાલજી વિદિશા | ઇંદોર | ૩૭. | ,, ,, સુમનભાઈ શેઠ મલાડ | બીના |
| ૧૪. | ,, ,, કનુભાઈ દાહોદવાળા | કોટા | ૩૮. | ,, ,, ડો. પ્રિયંકરજી હિમૌખી | જલગાંવ |
| ૧૫. | ,, ,, ઘાસીલાલજી ગુના | ગ્વાલિયર | ૩૯. | ,, ,, ધરમદાસજી બડૌત | વાશીમ |
| ૧૬. | ,, ,, બ્ર. બાબુલાલજી બરાયઠાવાળા | કટંગી | ૪૦. | ,, ,, મોતીલાલજી આરોન | શહપુરા |
| ૧૭. | ,, ,, જ્ઞાનચંદજી 'સ્વતંત્ર' | બૂંદી | ૪૧. | ,, ,, નેમીચંદજી મલકાપુરવાળા | લોહારદા |
| ૧૮. | ,, ,, અભયકુમારજી જબલપુરવાળા | જયપુર | ૪૨. | ,, ,, શશીકાન્તભાઈ મનસુખલાલ | કલકત્તા |
| ૧૯. | ,, ,, શાંતિભાઈ રેવાશંકરભાઈ | લીંબડી | ૪૩. | ,, ,, હિરાભાઈ મુંબઈવાળા | ભાવનગર |
| ૨૦. | ,, ,, નવલચંદભાઈ જે. શાહ | ઘાટકોપર | ૪૪. | ,, ,, ગોવિન્દદાસજી ખંડેરી | ઉદયપુર |
| ૨૧. | ,, ,, ચિમનલાલ તારાચંદ કામદાર | મુંગાવલી | ૪૮. | ,, ,, ચૌ. ગોપીલાલજી પિપરઈગાંવ | ઇટારસી |
| ૨૨. | ,, ,, બ્ર. હેમરાજજી જૈન | ખંડવા | ૪૬. | ,, ,, મગનલાલજી અશોકનગરવાળા | ચન્દેરી |
| ૨૩. | ,, ,, ઝમકલાલજી જૈન | મૌ | ૪૭. | ,, ,, લાભજીરામ જૈન વિદિશાવાળા | રાધૌગઢ |
| ૨૪. | ,, ,, આત્માનંદજી જૈન | બેગમગંજ | ૪૮. | ,, ,, મખનલાલજી જૈન મૌ | કુશલગઢ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૯. | પં. શ્રી બ્ર. અભિનંદનકુમારજી જૈન | આરોન | ૬૫. | પં. શ્રી વિમલચંદજી ઝાંઝરી | જયપુર |
| ૫૦. | ,, ,, ચંપાલાલજી લલિતપુરવાળા | હરદા | ૬૬. | ,, ,, રમેશચંદજી જૈન ઈટાવા | કરેલી |
| ૫૧. | ,, ,, રામકિશોરજી જૈન | જશવંતનગર | ૬૭. | ,, ,, લક્ષ્મીચંદજી જૈન | ગાઝિયાબાદ |
| ૫૨. | ,, ,, ધમરદાસજી અશોકનગરવાળા | સેલૂ | ૬૮. | ,, ,, સુગનચંદજી લોઢા | મદ્રાસ |
| ૫૩. | ,, ,, શિખરચંદજી વિદિશાવાળા | શિવપુરી | ૬૯. | ,, ,, મિશ્રીલાલજી જૈન ગુના | કુરાવલી |
| ૫૪. | ,, ,, નંદકિશોરજી વિદિશાવાળા | પ્રતાપગઢ | ૭૦. | ,, ,, રમેશચંદજી ઇટાવાવાળા | મુરાર |
| ૫૫. | ,, ,, છગનલાલજી લોહારદાવાળા | પિપરઈગાંવ | ૭૧. | ,, ,, સંતોષકુમારજી જૈન | ગઢકોટા |
| ૫૬. | ,, ,, ડાહ્યાભાઈ અમદાવાદવાળા | સાગર | ૭૨. | ,, ,, વ્રજલાલભાઈ ગીરધરલાલ | વઢવાણશહેર |
| ૫૭. | ,, ,, કસ્તૂરચંદજી બેગમગંજ | ગંજબાસૌદા | ૭૩. | ,, ,, જીવનલાલજી જૈન | બારા ( રાજ. ) |
| ૫૮. | ,, ,, બાબૂલાલજી ટોપીવાલ | કેસલી | ૭૪. | ,, ,, ચંદુલાલ કોદરલાલ ફતેપુર | વિદિશા |
| ૫૯. | ,, ,, હીરાલાલજી ગંગવાલ | કુરાવડ | ૭૫. | ,, ,, માણીકલાલ ભોલાભાઈ | કરહુલ |
| ૬૦. | ,, ,, દીપચંદજી ઇન્દૌરવાળા | બેંગ્લોર | ૭૬. | ,, ,, ચિન્તામણીજી જૈન મૌ | ઝાંસી |
| ૬૧. | ,, ,, પૂનમચંદજી માણેકચંદજી જૈન | વડોદરા | ૭૭. | ,, ,, રંગલાલજી જૈન કુરાવા | બન્ડાબેલઈ |
| ૬૨. | ,, ,, વિનોદકુમારજી જૈન | માલથૌન | ૭૮. | ,, ,, અશોકકુમારજી ખંડવા | તલોદ |
| ૬૩. | ,, ,, લાદુલાલજી પહાડીયા | અલવર | ૭૯. | ,, ,, સંતોષકુમારજી વિદિશા | રુઢિયાઈ |
| ૬૪. | ,, ,, કૈલાસચંદજી અશોકનગરવાળા | અમ્બાહ | | | |

## અગત્યની સૂચના

અગાઉ ઘણી વખત સૂચના આપી હોવા છતાંય ઘણા મુમુક્ષુ ભાઈ–બહેનો અચાનક સમિતિમાં જમવાના જ ટાઇમે આવે છે, આથી તેમની જમવાની સગવડતા સચવાતી નથી અને સંસ્થાને ફરી વ્યવસ્થા કરવામાં ઘણી મુશ્કેલી પડે છે તો સૌને આથી ખાસ વિનંતી કરવામાં આવે છે કે જે કોઈ ભાઈ–બહેનોને શ્રી જૈન અતિથિ સેવા સમિતિમાં જમવાની સગવડતા જોઈતી હોય તેમણે અગાઉ પત્રથી સમિતિમાં લખી જણાવવું કે તેઓ આ દિવસે, આ ટાઇમે અને આટલી સંખ્યામાં આવીને સંસ્થામાં જમશે, આથી વ્યવસ્થા જળવાઈ શકશે.

મેનેજર

શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ–સોનગઢ

## વિવિધ-સમાચાર-

* સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાતામાં બિરાજી રહ્યા છે. સવારે શ્રી કળશ-ટીકા, આસ્રવ-અધિકાર ઉપર તથા બપોરે શ્રી કળશ-ટીકા, સાધ્ય-સાધક અધિકાર પૂરો કરીને શ્રી સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનો ચાલી રહ્યા છે.
* રક્ષાબંધનના દિવસે સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન પછી પૂજ્ય બહેનશ્રીની ભાણેજ પોરબંદર-નિવાસી કુમારિકા શ્રી ભારતીબેન મણિલાલ શાહે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી.
* સુગંધ દશમીના રોજ સવારે પ્રવચન પછી મીંયાગામવાળા ભાઈશ્રી શાંતિલાલભાઈ પરમાણંદદાસે તથા તેમના ધર્મપત્નીએ સજોડે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી.
* અનંત-ચતુર્દશીના રોજ સવારે પ્રવચન પછી અમરેલીવાળા ભાઈશ્રી રતિલાલભાઈ ગોવિંદજી ગાંઠાણીએ તથા તેમના ધર્મપત્નીએ સજોડે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી.
* પર્યુષણ મહાપર્વ ઘણા જ ભક્તિ-ઉલ્લાસપૂર્વક સોનગઢમાં ઉજવાયા છે. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનનો લાભ લેવા અનેક જિજ્ઞાસુઓ સોનગઢ આવ્યા હતા.
* પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ ગામોગામના મુમુક્ષુ મંડળની માગણી મુજબ અનેક વિદ્વાન-વાંચનકારો વાંચન કરવા ગયા હતા. વિશેષ વાંચનકારોના અભાવને કારણે દરેક મુમુક્ષુ મંડળની માગણી સંતોષી શકાઇ ન હતી.

---


### * नये ( हिन्दी ) प्रकाशन *

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | નિયમસાર શાસ્ત્ર | ૭-૫૦ | ૭. | શ્રી પંચમેરુ નંદીશ્વર | |
| | | | | વિધાન પૂજા | ૧-૫૦ |
| ૨. | મોક્ષશાસ્ત્ર તત્ત્વાર્થસૂત્ર | ૧૨-૦૦ | ૮. | શ્રી પંચ પરમેષ્ઠી વિધાન | ૦. ૭૫ |
| ૩. | બૃહદ્-દ્રવ્યસંગ્રહ | ૮-૦૦ | ૯. | વીતરાગ વિજ્ઞાન છહઢાળા | |
| ૪. | સમયસાર કલશટીકા | ૫-૦૦ | | પ્રવચન ભાગ-૨ | ૦-૫૦ |
| ૫. | જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ | ૪-૦૦ | | ,, ભાગ-૩ | ૧-૦૦ |
| ૬. | ભેદવિજ્ઞાનસાર | ૨-૫૦ | ૧૦. | આત્મ અવલોકન ( ગુજરાતી ) | ૩-૦૦ |

## આત્મધર્મના ગ્રાહકોને...

* ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૪ મી જન્મજયંતીના મંગલ પ્રસંગે 'બહેનશ્રીનાં વચનામૃત' નામનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું હતું તેની પ્રથમ આવૃત્તિ (૩૧૦૦ નકલ) માત્ર એક માસમાં વેચાઈ ગઈ છે. બીજી આવૃત્તિ (૬૦૦૦ નકલ) તૈયાર થઈ રહી છે.
* 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તકનું ગુજરાતી ઉપરથી હિન્દીમાં ભાષાન્તર તૈયાર થઈ રહ્યું છે; તેની પ્રથમ આવૃત્તિ (૧૦, ૦૦૦ નકલ) છપાવવાનું સંસ્થાએ નક્કી કર્યું છે.
* 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક ગુજરાતી 'આત્મધર્મ' ના નવા વર્ષના ગ્રાહકોને તથા હિન્દી આત્મધર્મ ચાલુ વર્ષના ગ્રાહકોને નાઈરોબી (આફ્રિકા) નિવાસી ગં. સ્વ. શ્રી ગંગાબેન પ્રેમચંદ કેશવજી શાહ, દહેગામનિવાસી ગં. સ્વ. શ્રી સમરતબહેન ભીખલાલ શાહ (હા શ્રી હીરાભાઈ શાહ) તેમ જ અન્ય મુમુક્ષુઓના આર્થિક સહકારથી ભેટ આપવામાં આવશે.
* ગુજરાતી 'આત્મધર્મ' નું લવાજમ આસો મહિને પૂરું થઈ રહ્યું છે. ડીસેમ્બર ૧૯૭૭ થી જૂન ૧૯૭૯ સુધીના ૧૯ માસનું લવાજમ રૂા. ૯/- સમયસર મોકલી આપી વ્યવસ્થામાં સહકાર આપશો.

-આત્મધર્મ કાર્યાલય,<br>
સોનગઢ (સૌરાષ્ટ્ર).<br>
પીન કોડ-૩૬૪ ૨૫૦

# વૈરાગ્ય-સમાચાર-

* મુડેટીનિવાસી શ્રી વીરચંદભાઈ અમીચંદભાઈ શાહ ( ઉ. વર્ષ. ૬૧ ) તા. ૧૫–૪–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા. વીતરાગી દેવ ગુરુ ધર્મ પ્રત્યે તેઓને ઘણો ભક્તિભાવ હતો.

* બાબરાવાળા સ્વ. વકીલ નરભેરામભાઈના બહેન દિવાળીબેન છગનલાલ ( ઉ. વર્ષ. ૯૨ ) શ્રાવણ વદ બીજ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓને પૂજ્ય ગુરુદેવની ઘણી ભક્તિ હતી, સત્ દેવ–ગુરુ ધર્મની ઘણી શ્રદ્ધા–ભક્તિ હતી.

* પોરબંદરનિવાસી શેઠશ્રી મનસુખલાલ ભુરાલાલ ( ઉ. વર્ષ. ૫૭ ) તા. ૨૪–૮–૭૭ ના રોજ બે દિવસની ટૂંકી બિમારીમાં દેહવિલય પામ્યા છે. તેઓને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તથા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અપાર શ્રદ્ધા–ભક્તિ હતા. તેઓની આગ્રહભરી વિનંતીથી પૂજ્ય ગુરુદેવશ્રી પોરબંદર પધાર્યા હતા ને ખૂબ હોંશથી જન્મ–જયંતી ઉજવવામાં આવી હતી.

* મુંબઈ નિવાસી શ્રી મુલચંદભાઈ કસ્તૂરચંદભાઈ તલાટી ( ઉ. વર્ષ. ૭૫ ) તા. ૭–૯–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને સત્ દેવ ગુરુ–ધર્મ પ્રત્યે તથા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્યશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા.

* રાજકોટનિવાસી શ્રી શાંતિલાલ લક્ષ્મીચંદ મહેતાના માતુશ્રી પ્રભાબહેન ( ઉ. વર્ષ. ૭૬ ) તા. ૨૧–૯–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. પૂજ્યશ્રી રાજકોટ પધારતાં ત્યારે પૂજ્યશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા. વીતરાગી દેવ–ગુરુ ધર્મની તેઓને ભક્તિ હતી.

* ઉદયપુરનિવાસી શ્રી ચંદ્રસેનજી બંડી તા. ૨૯–૯–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે, તેઓને સત્ધર્મની ઘણી રુચિ હતી, વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની તેમને ઘણી શ્રદ્ધા ભક્તિ હતી.

– સદ્ગત આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મનું શરણ પામીને આત્મોન્નતિ પામો.

* હે જીવ ! આમ છે, અને તેમ છે, એમ ઘણું કહેવાથી શું સિદ્ધિ છે ? આ સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં તેં આવા શરીર તો અનંતવાર મેળવ્યાં અને છોડયાં–ટુકામાં એટલું જ કહેવાનું કે જીવને શરીર એ જ સર્વ આપત્તિનું સ્થાન છે. ( આત્માનુશાસન )

## [ બહેનશ્રીનાં વચનામૃત ટાઈટલ ૨ થી ચાલુ ]

* અખંડ દ્રવ્યને ગ્રહણ કરી પ્રમત્ત-અપ્રમત્ત સ્થિતિમાં ઝૂલે તે મુનિદશા. મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે. મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે, જગત જ્યાં જાગે છે ત્યાં મુનિરાજ ઊંઘે છે, 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.'

* જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને-ભલે કદાચ સમ્યગ્દર્શન થાય ન તોપણ-સમ્યક્ત્વસન્મુખતા થાય છે. અંદર દૃઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો બીજામાં ફેરવે, ઉપયોગ બારીકમાં બારીક કરે, ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો, ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.

* જેવું બીજ વાવે તેવું વૃક્ષ થાય; આંબાનું બીજ ( ગોટલો ) વાવે તો આંબાનું ઝાડ થાય અને આકોલિયાનું બીજ વાવે તો આકોલિયાનું ઝાડ થાય. જેવું કારણ આપીએ તેવું કાર્ય થાય. સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ.

* અંદરમાં, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવા યોગ્ય છે; તે જ મંગળ છે, તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે, ભવ્યજીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે. બહારમાં, પંચપરમેષ્ઠી-અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-નમસ્કાર કરવા યોગ્ય છે કેમ કે તેમણે આત્માની સાધના કરી છે; તેઓ મંગળરૂપ છે, તેઓ લોકમાં ઉત્તમ છે, તેઓ ભવ્યજીવોનાં શરણ છે.

* બહારનું બધું થાય તેમાં-ભક્તિ-ઉલ્લાસનાં કાર્ય થાય તેમાં પણ - કાંઈ આત્માનો આનંદ નથી. આનંદ તો તળમાંથી આવે તે જ સાચો છે.

* દેવ-ગુરુની વાણી અને દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ચૈતન્યદેવનો મહિમા જાગૃત કરવામાં, તેના ઊંડા સંસ્કાર દૃઢ કરવામાં તેમ જ સ્વરૂપપ્રાપ્તિ કરવામાં નિમિત્તો છે.

( ક્રમશઃ )

## * આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો *

* જેમ ગરીબ માણસને એક ફૂટેલી કોડી પણ સંપત્તિ સમાન પ્રિય લાગે છે, ઘુવડને સંધ્યા જ સવાર સમાન ઇષ્ટ લાગે છે, કૂતરાને ઉલટી જ દહીં સમાન રુચિકર હોય છે, કાગડાને લીમડાની લીંબોળી દ્રાક્ષ સમાન પ્રિય હોય છે, બાળકોને લૌકિક વાર્તાઓ (ગપ્પા) જ શાસ્ત્રની જેમ રુચિકર લાગે છે, હિંસક મનુષ્યને હિંસામાં જ ધર્મ દેખાય છે, તેવી જ રીતે મૂર્ખને પુણ્યબંધ જ મોક્ષ સમાન પ્રિય લાગે છે. (પંડિત શ્રી બનારસીદાસ)

* જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો શીઘ્ર ચૈતન્ય–ચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે – ઊંડો ઊતરી જાય છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે. (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે).

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ)

* હે યોગી ! એક પરમ આત્મદર્શન જ મોક્ષનું કારણ છે. અન્ય કાંઈ પણ મોક્ષનું કારણ નથી, આમ ખરેખર તું જાણ. (યોગસાર)

* દેહ–દેવાલયમાં જિનદેવ છે; પણ લોકો તેને દેવાલયોમાં દેખે છે–તે મને હાસ્યાસ્પદ લાગે છે, એ વાત એવી છે કે કોઈ મનુષ્ય સિદ્ધિ (ધનાદિકની સિદ્ધિ) હોવા છતાં પણ ભિક્ષા માટે ભટકે છે. (યોગસાર)

---

**જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય**
**તે સર્વેની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે.**

खम्मामि सव्वजीवाणां, सव्वे जीवा खमन्तु मे।
मित्ती मे सव्वभूदेसु, वैर मज्झं ण केण वि।। - तंत्री

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૫૦૦